અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


તારીખ : ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, મહા સુદ ચૌદસ

વર્ષ : ૧૫
અંક : ૨૦૩

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


ગુજરાતના તરભ ખાતે વાલીનાથ મહાદેવ મંદિરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂજા-અર્ચના કરી હતી.

### ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી

# અમૂલ વિશ્વની નંબર વન ડેરી બનાવવા સરકાર સહયોગ આપશે એ મોદીની ગેરંટી : મોદી

## અમૂલ એટલે આત્મનિર્ભર ભારત માટેની પ્રેરણા, અમૂલ એટલે મોટાં સપનાં, મોટા સંકલ્પો અને મોટી સિદ્ધિઓ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાતમાં જીસીએમએમએફના સુવર્ણ જયંતી સમારોહની ભવ્ય ઉજવણી પ્રસંગે નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે એક લાખથી વધુ દૂધ ઉત્પાદકો, સહકારી અગ્રણીઓ, ખેડૂતો, પશુપાલકો થયા સહભાગી થયા હતા. સહકારથી શક્તિ,સહકારથી સન્માન, સહકારથી સમૃદ્ધિ'ના સૂત્રને વર્ષોથી ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન સાર્થક કરતું આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન(જીસીએમએમએફ)ની ગોલ્ડન જયુબિલીની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યભરમાંથી એક લાખથી વધુ ખેડૂતો, દૂધ ઉત્પાદકો, સહકારી અગ્રણીઓ સહિત પશુપાલકો આ ભવ્ય ઉજવણીમાં સહભાગી થયા હતા. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડેશનને તેની સુવર્ણ જયંતી પર શુભેચ્છાઓ પાઠવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ૫૦ વર્ષ પહેલા ગુજરાતનાં ગામોએ મળીને સહકારી ક્ષેત્રે જે છોડ વાવ્યો એ આજે વિશાળ વટવૃક્ષ બની ગયું છે અને તેની શાખાઓ દેશ વિદેશમાં ફેલાઈ છે. અમૂલ વિશ્વની નંબર વન ડેરી બને એ માટે સરકાર તમામ સહયોગ આપશે, એ મોદીની ગેરંટી છે, એવું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં વડાપ્રધાને જણાવ્યું હતું કે આઝાદી પછી દેશમાં ઘણી બધી બ્રાન્ડ બની, પરંતુ અમૂલનો વિકાસ અભૂતપૂર્વ રહ્યો છે, અમૂલ જેવું કોઈ નહીં એમ કહેતા વડાપ્રધાને કહ્યું કે, આજે અમૂલ દેશના પશુપાલકોના સામર્થ્યની ઓળખાણ બની ગયું છે. અમૂલ અને શ્વેતક્રાંતિની સફળતાની વાત કરતાં દેશના પશુધનના યોગદાનને યાદ કરીને વડાપ્રધાને પશુધનની વંદના કરી હતી.

અમૂલને એક બ્રાન્ડની સફળતાનો ઉત્તમ પર્યાય ગણાવતા વડાપ્રધાને જણાવ્યું કે, અમૂલ એટલે વિશ્વાસ, અમૂલ એટલે વિકાસ, અમૂલ એટલે લોકભાગીદારી, અમૂલ એટલે ખેડૂતોનું સશક્તીકરણ, અમૂલ એટલે સમય સાથે આધુનિકતાની સ્વીકાર્યતા, અમૂલ એટલે આત્મનિર્ભર ભારત માટેની પ્રેરણા, અમૂલ એટલે મોટાં સપનાં, મોટા સંકલ્પો અને મોટી સિદ્ધિઓ. અમૂલના ઉદભવ અંગે વાત કરતા વડાપ્રધાને જણાવ્યું કે, અમૂલનો પાયો સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શનમાં ખેડા મિલ્ક યુનિયન સ્વરૂપે નંખાયો હતો. સમયની સાથે સાથે ડેરી સહકારિતા ગુજરાતમાં વ્યાપક ક્ષેત્રે ફેલાઈ અને ક્રમશઃ ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનનું નિર્માણ થયું.

**મોર્નિંગ કન્સલ્ટ પોલિટિકલ ઈન્ટેલિજન્સ સર્વેની યાદી**

# વિશ્વના તમામ નેતાઓને પછાડી નરેન્દ્ર મોદી સૌથી લોકપ્રિય નેતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

વિશ્વભરના તમામ નેતાઓને પાછળ છોડીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર વિશ્વના સૌથી લોકપ્રિય નેતા બની ગયા છે. મોર્નિંગ કન્સલ્ટ પોલિટિકલ ઈન્ટેલિજન્સ સર્વેએ વિશ્વના સૌથી લોકપ્રિય નેતાઓની યાદી જાહેર કરી છે. આ યાદીમાં પીએમ નરેન્દ્ર મોદીએ લોકપ્રિયતાના મામલે વિશ્વના તમામ ટોચના નેતાઓને પાછળ છોડીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જોકે, આ પહેલીવાર નથી કે જ્યારે પીએમ મોદીએ ટોપ પર પોતાનું સ્થાન બનાવ્યું હોય. આ પહેલા પણ તેઓ લોકપ્રિયતાના મામલામાં વિશ્વના નેતાઓમાં ટોચ પર રહ્યા છે. આ યાદી જાહેર થયા બાદ પશ્ચિમી દેશોના નેતાઓ પણ એ હકીકત સ્વીકારી રહ્યા છે કે વર્તમાન વૈશ્વિક પરિદ્રશ્યમાં વડાપ્રધાન મોદીની લોકપ્રિયતા સૌથી વધુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વૈશ્વિક મંચ પર એક મજબૂત અને સફળ નેતા તરીકે ઉભરી આવ્યા છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા જાહેર કરાયેલા આ આંકડાએ સ્પષ્ટ કરી દીધું છે કે આજે પણ પીએમ મોદીની લોકપ્રિયતામાં કોઈ ઘટાડો નથી થયો. મોર્નિંગ કન્સલ્ટ પોલિટિકલ ઈન્ટેલિજન્સ સર્વેએ વિશ્વના સૌથી લોકપ્રિય નેતાઓની યાદી જાહેર કરી છે. જેમાં વિશ્વના તમામ લોકપ્રિય નેતાઓની આંકડા સાથે માહિતી આપ વામાં આવી છે. આ યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટોપ પર છે. આ યાદીમાં પીએમ મોદી ૭૭% લોકપ્રિયતા સાથે ટોપ પર છે. બીજી તરફ મેક્સિકોના વડાપ્રધાન એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોરની લોકપ્રિયતા ૬૪% નજર આવી રહી છે. સ્વિટ્ઝર્લેન્ડના સંઘીય ગૃહ મામલા વિભાગના પ્રમુખ એલેન બેર્સેટને ૫૭% અને પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કને ૫૦% લોકપ્રિયતા મળી છે. બીજી તરફ બ્રાઝિલના વડાપ્રધાન લુઈઝ ઈન્સિયો લૂલા દા સિલ્વાને ૪૭% લોકપ્રિયતા મળી છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બાનીઝને ૪૫% લોકપ્રિયતા મળી છે. બીજી તરફ ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ વૈશ્વિક મંચ પર ૪૪% લોકપ્રિયતા હાંસલ કરી છે. ત્યારબાદ સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાંચેઝનો નંબર છે જેમને ૩૮% લોકપ્રિયતા મળી છે અને અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેનને આ યાદીમાં ૩૭% લોકપ્રિય બતાવ્યા છે.

## આજે અમૂલ જે સફળતાની ઊંચાઈ પર છે : પીએમ મોદી

જીસીએમએણએફઅને અમૂલે સાધેલા વિકાસ અંગે વધુમાં વાત કરતા પીએમ મોદીએ જણાવ્યું કે, દૂરંદેશી વિચારો સાથે લીધેલા નિર્ણયો કેવી રીતે આવનારી પેઢીનું ભાગ્ય બદલી શકે તેનું ઉત્તમ ઉદાહરણ અમૂલ છે. અમૂલના વિકાસમાં મહિલા શક્તિના યોગદાન વિશે વાત કરતા મોદીએ કહ્યું હતું કે, આજે અમૂલ જે સફળતાની ઊંચાઈ પર છે તે ફકત મહિલાશક્તિના કારણે છે. આજે જ્યારે ભારત 'વિમેન લેડ ડેવલોપમેન્ટ'ના મંત્ર સાથે આગળ વધી રહ્યું છે ત્યારે ભારતના ડેરી સેકટરની આ સફળતા દેશ માટે મોટી પ્રેરણા બની રહેશે. દેશને વિકસિત બનાવવા માટે દેશની પ્રત્યેક મહિલા આર્થિક રીતે સશકત બને તે જરૂરી છે. એટલે જ, અમારી સરકાર મહિલાઓની આર્થિક શક્તિ વધે તે દિશામાં કામ કરી રહી છે. મહિલાઓની આર્થિક શક્તિ વધારવા માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. મુદ્રા લોન હોય કે પીએમ આવાસ યોજના, દરેક યોજનામાં નારીશક્તિને અગ્રતા આપવામાં આવી રહી છે, એવું તેમણે ઉમેર્યું હતું. ખેડૂતોના વિકાસ માટે કરવામાં આવેલા કાર્યો વિશે વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ખેડૂતોનું જીવન કેવી રીતે સારું બને તે હંમેશાંથી અમારો લક્ષ્યાંક રહ્યો છે. પશુપાલનનો વ્યાપ કેવી રીતે વધે, પશુઓનું સ્વાસ્થ્ય કેવી રીતે સારું રહે, ગામોમાં પશુપાલનની સાથે માછલીપાલન અને મધમાખી પાલનને કેવી રીતે પ્રોત્સાહન આપવું એ દિશામાં અમે સતત પ્રયાસરત છીએ એમ તેમણે વધુમાં ઉમેર્યું હતુ ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની ગોલ્ડન જયુબિલી ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં 'સહકારથી સમૃદ્ધિ'નો ધ્યેય ચરિતાર્થ કરતો આજનો આ પ્રસંગ છે.



ગુજરાતના અમદાવાદ ખાતે ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF)ની સુવર્ણ જયંતિ ઉજવણી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી.






વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન(જીસીએમએમએફ)ની ગોલ્ડન જયુબિલીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

## દેશના અમૃતકાળમાં સહકારથી સમૃદ્ધિ દ્વારા રામરાજ્યની મોદીની ગેરંટી

આજનો આ અવસર મહત્ત્વપૂર્ણ એટલા માટે પણ છે કે આજથી એક મહિના પહેલા ૨૨ જાન્યુઆરીએ વડાપ્રધાનના હસ્તે અયોધ્યાના ભવ્ય રામમંદિરમાં રામલ્લાની પ્રાણ-પ્રતિષ્ઠાનો અવસર ઊજવાયો હતો, આવો જ ઉમંગ અને ઉત્સાહનો માહોલ આજે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમાં જોવા મળી રહ્યો છે. આમ, દેશના અમૃતકાળમાં સહકારથી સમૃદ્ધિ દ્વારા રામરાજ્યની મોદીની ગેરંટી છે, એવું તેમણે ઉમેર્યું હતું.આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન હેઠળના વિવિધ ડેરીઓના પાંચ પ્લાન્ટનું ઈ-લોકાર્પણ કર્યું હતું. જેમાં સૌ પ્રથમ અમૂલ ડેરી, આણંદના નવા ઓટોમેટિક યુએચટી મિલ્ક પ્લાન્ટ, સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના ચીઝ પ્લાન્ટ અને મેન્યુફેકચરિંગ પ્લાન્ટ, કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ઓટોમેટિક આઈસ્ક્રીમ પ્લાન્ટ તથા ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. હેઠળ ડેરી પ્રોસેસિંગ પ્લાન્ટ, નવી મુંબઈનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના રાજકોટ ડેરી વિકાસ પરિયોજનાનું પણ ઈ-લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે જીસીએમએણએફનો સ્મૃતિ કોઈન પણ વડાપ્રધાનના હસ્તે રિલીઝ કરવામાં આવ્યો હતો. અમૂલના આઈકોનિક ગીત 'મંથન' પર સુંદર સાંસ્કૃતિ કૃતિ પણ આ પ્રસંગે રજૂ કરવામાં આવી હતી, જેમાં ૫૦૦ જેટલા કલાકારો દ્વારા ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

# અનંત અંબાણી-રાધિકાના પ્રિ-વેડિંગ માટે જામનગરમાં તડામાર તૈયારી

## રિલાયન્સ જૂથના વડા મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીના લગ્ન મુંબઈમાં થશે, પરંતુ તે અગાઉના કાર્યક્રમો જામનગરમાં યોજાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાતના જામનગરમાં અત્યારે અલગ જ પ્રકારનો માહોલ અને ચહલપહલ જોવા મળે છે. ભારતના સૌથી મોટા ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના ઘરે પુત્રના લગ્ન છે અને તેનું પ્રિ-વેડિંગ ફંક્શન જામનગરમાં રાખવામાં આવ્યું છે. મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને ઉદ્યોગપતિ વિરેન મર્ચન્ટની પુત્રી રાધિકા મર્ચન્ટના ભવ્ય લગ્ન ૧૨ જુલાઈએ મુંબઈમાં થવાના છે. આ લગ્ન માટે માર્ચ મહિનાના શરૂઆતના દિવસોમાં પ્રિ-વેડિંગ સેલિબ્રેશન જામનગરમાં યોજાશે. તે સમયે દુનિયાભરમાંથી ટેક્નોલોજી જગતના અને બિઝનેસ જગતના ધુરંધરો જામનગરમાં ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. જાણકારોનું કહેવું છે કે આગામી દિવસોમાં જામનગરના આંગણે દુનિયાભરના વીઆઈપીઓની હાજરી જોવા મળશે. તેમાં માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સથી લઈને મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગ સુધીની હસ્તિઓ



સામેલ હશે. આ ઉપરાંત બ્લેકરોકના સીઈઓ લેરી ફિંક, બ્લેકસ્ટોનના ચેરમેન સ્ટીફન સ્કવાર્ઝમેન, ડિઝનીના સીઈઓ બેલ ઈગ્લર, ઈવાંકા ટ્રમ્પ અને બીજી ઘણી જાણીતી વ્યક્તિઓ આ પ્રસંગની શોભા વધારશે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટનો સમારોહ જામનગર ખાતે ૧ માર્ચથી ૩ માર્ચ સુધી રાખવામાં આવ્યો છે. મોર્ગન સ્ટેન્લીના સીઈઓ ટેડ પિક, એડહોકના સુલ્તાન અહમદ અલ જબેર, રોથ્સચાઈલ્ડના લિન ફોરેસ્ટરને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. બેંક ઓફ અમેરિકાના ચેરમેન બ્રાયન થોમસ મોયનિહાન, કતારના રાજકીય વડા મોહમ્મદ બિન અબ્દુલરહમાન બિન જાસિમ અલ થાની, જાણીતા ઈન્વેસ્ટર યુરી મિલ્નર અને એડોબીના સીઈઓ શાંતનુ નારાયણ, લુપા સિસ્ટમ્સના સીઈઓ જેમ્સ મર્ડોક, હિલહાઉસ કેપિટલના સ્થાપક ઝાંગ લી, મૈંના ચીફ એક્ઝિક્યુટિવ મુરે ઓચીનક્લોસ, ઈર્ટનિ ઝઈ જ્હોન એલ્કન પણ હાજરી આપવાના છે. રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણી એકબીજાને બાળપણથી જ ઓળખે છે. અનંતે અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટીમાંથી અભ્યાસ પૂર્ણ કર્યો અને ત્યારથી તેણે જિયો પ્લેટફોર્મ અને રિલાયન્સ રિટેલ સાથે સંકળાયેલા છે. બીજી તરફ રાધિકાના પિતા વિરેન મર્ચન્ટ મુળ ગુજરાતના કચ્છના વતની છે. રાધિકા મર્ચન્ટ ગ્રેજ્યુએશન પછી વિદેશમાં રહેવાના બદલે ભારત આવી ગયા છે અને અત્યારે તેઓ એક્રોર હેલ્થકેરમાં ડિરેક્ટર પદે છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી મોટેરા સ્ટેડિયમમાં અમૂલ મિલ્કના સિલ્વર જ્યુબલી પ્રોગ્રામમાં ઉપસ્થિત રહ્યા હતા.

### ન્યુઝ બોક્ષ

## બનાસકાંઠાના પાલનપુરમાં ટ્રાફિકની સમસ્યા વકરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

બનાસકાંઠાના પાલનપુરમાં ટ્રાફિકની સમસ્યા દિવસે ને દિવસે વકરી રહી છે. પાલનપુર શહેરના તમામ સર્કલો પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. ટ્રાફિકના કારણે વાહન ચાલકોને મુશ્કેલીઓ પડી રહી છે. ઓફિસ સમયે ટ્રાફિકજામથી કર્મચારીઓ હેરાન થઈ રહ્યા છે. પાલનપુર શહેરની ટ્રાફિક સમસ્યા એટલી હદે વકરી છે કે હવે પાલનપુરની ફરતે બાયપાસ સિવાય કોઈ વિકલ્પ નથી. એરોમા સર્કલ, આરટીઓ સર્કલ, ગઠામણ સર્કલ, હનુમાન ટેકરી, આ તમામ સર્કલ પર ટ્રાફિકની સમસ્યા વર્ષોથી વાહનચાલકો રાહદારીઓ શહેરીજનો અને નાગરિકોને સતાવી રહી છે. ઈમરજન્સીના સમયે, શાળાના વિદ્યાર્થીઓને સ્કૂલના સમયે અને ઓફિસના સમયે કર્મચારીઓઓને ટ્રાફિકજામથી હેરાન થવાનો વારો આવે છે. કારણ કે જે ભારે વાહનો પાલનપુર હાઈવે પરથી પસાર થાય છે અને આ ભારે વાહનોને કારણે કલાકો સુધી ટ્રાફિક જામ રહે છે. ત્યારે અનેક મુશ્કેલીઓ ભોગવતા પ્રજાજનોની હવે એક જ વાત છે કે જલ્દીથી બાયપાસનું કામ થવું જોઈએ જેથી ટ્રાફિક સમસ્યા માંથી છૂટકારો મળે. પાલનપુર શહેરની ટ્રાફિક સમસ્યા એટલી હદે વકરી છે કે હવે પાલનપુરની ફરતે બાયપાસ સિવાય કોઈ વિકલ્પ નથી.

## ખાનગી હોસ્પિટલ્સ પેમેન્ટ બાબતે સરકારના ઠાગાઠૈયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

પીએમ જય યોજના હેઠળ કાર્ય કરતી હોસ્પિટલના પ્રશ્નોનું કોઈપણ નિરાકરણ ન આવવાથી આ હોસ્પિટલના એસોસિએશનદ્વારાસરકારને તથા પીએમજય યોજનાના અધિકારીઓને આખરી ઉપાય તરીકે હોસ્પિટલો તારીખ ૨૬ થી ૨૯ ફેબ્રુઆરી સુધી પીએમજય યોજનામાં સારવારથી અળગી રહેશે એવું જણાવ્યા પછી સરકારના અને પીએમજય યોજનાના અધિકારીઓએ હોસ્પિટલના એસોસિયેશનના સભ્યોને ચર્ચા માટે બોલાવેલા. આથી તારીખ ૨૧ ફેબ્રુઆરીના રોજ પ્રિન્સિપલ હેલ્થ સેક્રેટરી ધનંજય દ્વિવેદી, હેલ્થ કમિશનર હર્ષદ પટેલ, પીએમજય યોજનાના ગુજરાતના અધિકારી ડોક્ટર શૈલેષ આનંદ, બજાજ ઈન્સ્યોરન્સ ના અધિકારીઓ તથા પ્રાઈવેટ હોસ્પિટલના એસોસિએશન પીઈપીએચએજી ના સભ્યો વચ્ચે ખૂબ જ મહત્વની મીટીંગ યોજાઈ. આ મિટિંગમાંઅધિકારીઓએ હોસ્પિટલના બાકી નાણાંની ચુકવણી અને અન્ય પ્રશ્નોના ઉકેલનો પ્રયત્ન કરી રહ્યા છીએ એવું જણાવ્યું પરંતુ આ પ્રશ્નોનું નિરાકરણ ક્યારે આવશે એની કોઈ બાહેધરી આપી નહીં. આ ઉપરાંત હેલ્થ મિનિસ્ટરઋષિકેશ પટેલ સાથેની બીજી ફેબ્રુઆરીની મીટીંગ પ્રમાણે તેઓના જણાવ્યા પ્રમાણે લગભગ ૩૦૦ કરોડ જેટલું હોસ્પિટલનું પેમેન્ટ બાકી છે.

### સોનુ શોધવા ધોળાવીરા નજીક

## ખોદકામ કરી રહ્યા હતા ત્યારે ગ્રામજનોને મળ્યું પ્રાચીન નગર

### આ ગ્રામજનો માની રહ્યા હતા કે લોદરાણી નામનું ગામ કે જે ધોળાવીરાથી ૫૧ કિમી દૂર આવેલું છે તેની નીચે સોનુ દટાયેલું છે



। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

રાજકોટના એક નાનકડા ગામના રહેવાસીઓ સોનાની શોધ કરવા માટે ખોદકામ કરી રહ્યા હતા. જોકે, તેમને સોનુ તો ના મળ્યું પરંતુ તેનાથી પણ કિંમતી વસ્તુ ત્યાં મળી આવી. તેમને ધોળાવીરા નજીક એક હડપ્પન સ્થળ મળી આવ્યું. હડપ્પા જે પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક છે. કચ્છના ધોળાવીરાની વર્લ્ડ હેરિટેજ સાઈટથી ૫૧ કિલોમીટર દૂર આવેલા લોદરાણી નામનું ગામ દટાયેલા સોના પર બેઠું છે તેવી દંતકથા પ્રચલીત હતી. તેને સાચી માનીને કેટલાક સાહસિક રહેવાસીઓ લગભગ પાંચ વર્ષ પહેલાં ભેગા થયા અને તેને અમીર બનવાના સપના જોતા ખોદકામ શરૂ કર્યું હતું. જોકે, તેમને ત્યાં સોનું તો ના મળ્યું પરંતુ ઐતિહાસિક નગર જેવું કંઈક જોવા મળ્યું હતું. પ્રારંભિક તારણો બાદ પુરાતત્વવિદો, સંશોધન વિદ્વાન અજય યાદવ અને ઓક્સફર્ડની સ્કૂલ ઓફ આર્કિયોલોજીના તેમના પ્રોફેસર ડેમિયન રોબિન્સનની આગેવાની હેઠળની ટીમે ખોદકામની જવાબદારી સંભાળી લીધી. આ ટીમે જ્યારે ખોદકામ કર્યું તો તેમને હડપ્પન યુગની કિલ્લેબંધી વસાહત મળી આવી હતી. માત્ર પથ્થર-કાટમાળની વસાહતની પ્રારંભિક ધારણાથી વિપરીત આ સ્થળને સત્તાવાર રીતે જાન્યુઆરીમાં મોરોધારો નામ આપવામાં આવ્યું હતું, જે નજીકના ધોળાવીરા સાથે આકર્ષક સામ્યતા ધરાવે છે જેનું સ્થાપત્ય પણ ધોળાવીરા સાથે મળતું આવે છે. લગભગ ૪,૫૦૦ વર્ષ પહેલાંની વસાહત (૨,૬૦૦-૧,૯૦૦ મ્ઝઈ) થી (૧,૯૦૦-૧,૩૦૦ મ્ઝઈ) હડપ્પન સમયગાળા દરમિયાન વિકાસ પામી હતી. આ શોધમાં ધોળાવીરામાં મળેલી કલાકૃતિઓની યાદ અપાવે તેવા હડપ્પન માટીકામનો નોંધપાત્ર જથ્થો સામેલ છે. અજય યાદવે કહ્યું હતું કે અમારું સૌથી મહત્ત્વનું અવલોકન એ છે કે આ સ્થળ અને ધોળાવીરા બંને સમુદ્ર પર નિર્ભર હતા. તે રણની ખૂબ નજીક હોવાથી તે સુરક્ષિત રીતે માની શકાય છે કે જે પાછળથી રણ બન્યું તે સમયે તે નેવિગેબલ હોવું જોઈએ. લોદરાણીનો પુરાતત્વીય ખ્યાતિનો દાવો અગાઉની ખોટી શરૂઆત પછી આવે છે. પુરાતત્વવિદ જે.પી. જોશીએ ૧૯૬૭-૬૮માં એક સર્વે હાથ ધર્યો હતો.

### વીએફએસ ગ્લોબલે માહિતી આપી

## અમદાવાદમાંથી વિઝા અરજીની સંખ્યા ૨૦૧૯ના સ્તરને ૩૨% વટાવી ગઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

૨૦૨૩માં અમદાવાદથી વિઝા અરજીઓની સંખ્યા મજબૂત રહી અને રોગચાળા પહેલાના સ્તરને વટાવી ગઈ કારણ કે વિદેશ જવાની મુસાફરી સતત વધી રહી છે. વીએફએસ ગ્લોબલના જણાવ્યા અનુસાર, ૨૦૨૩માં અમદાવાદમાંથી વિઝા અરજીના જથ્થામાં વાર્ષિક ધોરણે ૧૦%નો વધારો નોંધાયો હતો. રોગચાળા પહેલાની સંખ્યાની સરખામણીમાં, અમદાવાદમાંથી વિઝા અરજીની સંખ્યા ૨૦૧૯ના સ્તરને ૩૨% વટાવી ગઈ હતી. અમદાવાદમાં જરૂરિયાત માટેની રચના ભારતમાં નોંધાયેલા એકંદર વૃદ્ધિના વલણને અનુરૂપ હતી, જેમાં વર્ષ ૨૦૨૩માં વિઝા અરજીઓમાં વાર્ષિક ધોરણે ૧૬%નો વધારો જોવા મળ્યો હતો. રોગચાળા પહેલાના આંકડાઓની સરખામણીમાં, ભારતમાંથી વિઝા અરજીની સંખ્યા ૨૦૧૯ના સ્તરના ૯૩% સુધી પહોંચી ગઈ છે."અમે ૨૦૨૨ માં ભારત અને સમગ્ર દક્ષિણ એશિયા ક્ષેત્રમાંથી મજબૂત માંગ જોવાનું ચાલુ રાખ્યું હતું, જેના કારણે સમગ્ર વર્ષ દરમિયાન સ્થિર જથા સાથે વિસ્તરિત ટોચની વિદેશ જનારા મુસાફરી કરવાનો સમય રહ્યો હતો. અમે ટેક્નોલોજીના નેતૃત્વમાં, એકીકૃત, અત્યંત સુરક્ષિત અને ભરોસાપાત્ર ઉકેલો દ્વારા અસાધારણ ગ્રાહક સેવા પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છીએ.

### રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે લોકગાયક શ્રી ભાવેશ આહીરનું સન્માન

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીએ સંસ્કૃતિ કુંજમાં વસંતોત્સવની મજા માણી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।


રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીએ ગાંધીનગરમાં સાબરમતી નદીના કોતરોમાં રચાયેલા સંસ્કૃતિ કુંજમાં વસંતોત્સવની મુલાકાત લીધી હતી. ભારતના વિવિધ પ્રાંત અને પ્રદેશોના લોકકલાકારો અને હસ્તકલા કારીગરોને પ્લેટફોર્મ મળે તથા ભારતની ભાતીગળ સંસ્કૃતિનો પરિચય કેળવાય એવા ઉદ્દેશ સાથે યોજાઈ રહેલા વસંતોત્સવે ગાંધીનગરમાં ભારે લોકપ્રિયતા મેળવી છે. યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા આયોજિત વસંતોત્સવમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને શ્રીમતી દર્શના દેવીજી ઓરિસ્સાના કિશોરો દ્વારા પ્રસ્તુત ગોટીપૂવા નૃત્યથી અત્યંત પ્રભાવિત થયા હતા. કર્ણાટકના કલાકારોના ઢોલુકૂનીથા, આસામના બિહુ નૃત્ય અને ગુજરાતના મંજીરા રાસ તથા અંકલેશ્વરના કલાકારો દ્વારા પ્રસ્તુત વસાવા નૃત્યને તેમણે પ્રસન્નતાપૂર્વક માણ્યા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના લોકગાયક શ્રી ભાવેશ આહીરનું સન્માન કર્યું હતું. શ્રી ભાવેશ આહીરે તળપદી ભાષામાં પ્રસ્તુત કરેલા લોકપ્રિય ગીતો પણ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મન ભરીને માણ્યા હતા.

### વિશેષ

### વડાપ્રધાનશ્રીના હસ્તે રાજકોટ-સુરેન્દ્રનગર રેલવે ડબલ ટ્રેકિંગ પ્રોજેક્ટનું લોકાર્પણ

# રૂ. ૧૩૫૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ ૧૧૬ કિલોમીટર લાંબી રેલવે લાઈનથી રાજકોટ-અમદાવાદ વચ્ચેનો રેલ વ્યવહાર વધુ ઝડપી અને સરળ બનશે











। (માહિતી) રાજકોટ ।

ભારત સરકાર દ્વારા રેલવે નેટવર્કને મજબુત બનાવવા માળખાગત સુવિધાઓનો આયોજનબદ્ધ વિકાસ કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત રાજકોટ - સુરેન્દ્રનગર વચ્ચે રેલવે લાઈનનું ડબલ ટ્રેકિંગ કાર્ય તાજેતરમાં પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટનું લોકાર્પણ વડાપ્રધાનશ્રીનાં હસ્તે રાજકોટ ખાતે થનાર છે. આ ૧૧૬ કિલોમીટર લાંબી રેલવે લાઈન રૂ. ૧૩૫૫ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. જે તૈયાર થતા રાજકોટને લાંબા અંતરની વધુ ટ્રેનો મળશે તેમજ અમદાવાદ તરફની ટ્રેનોની ઝડપ અને નિયમિતતામાં વધારો થશે. ઉપરાંત, સુરેન્દ્રનગરથી અમદાવાદ હયાત ડબલ ટ્રેકને લીધે રાજકોટ અને અમદાવાદ વચ્ચે સુદ્રઢ રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત થશે. જેને લીધે રાજકોટની અન્ય રાજ્યો સાથે પણ રેલ કનેક્ટિવિટી વધુ સુગમ અને ઝડપી બનશે. અમદાવાદ અને રાજકોટ વચ્ચે વધારે સંખ્યામાં ઝડપથી ટ્રેનો ચલાવી શકાશે. વધુમાં આ ટ્રેક ઉમેરાવાથી માળખાગત ક્ષમતા વધતાં વધુ રેલવે ટ્રાફિક ચલાવી શકાશે, જેને લીધે વધારે ગુડ્સ ટ્રેનો દ્વારા રેલવેની આવકમાં વધારો થશે. આ ટ્રેક સાથે સાથે તમામ જરૂરી સુવિધાઓ અને સાધનો લગાવવાનું કાર્ય પણ પૂર્ણ કરવામાં આવ્યું છે.

આ પ્રોજેક્ટની મંજુરી વર્ષ ૨૦૧૬-૧૭માં આપવામાં આવી હતી, ત્યાર બાદ સુરેન્દ્રનગરથી શરૂઆત કરીને રાજકોટ સુધી અલગ અલગ સેક્શનને તબકાવાર સ્થાપિત કરવામાં આવ્યા છે. ૭.૦૪ કી.મી.ના સુરેન્દ્રનગર- ચામરાજ ખંડને જાન્યુઆરી ૨૦૧૯માં, ૭.૨૯ કી.મી.ના ચામરાજ દિગસર ખંડને ફેબ્રુઆરી ૨૦૨૦માં, ૧૦.૩૯ દલડી- વાંકાનેર ખંડને ઓક્ટોબર ૨૦૨૧માં, ૮ કી.મી.ના દીગસર-મૂળી રોડ ખંડને એપ્રિલ ૨૦૨૨માં, ૧૪.૩૭ વાંકાનેર- સિંધાવદર ખંડને જુન ૨૦૨૨માં, ૧૯.૩૪ કી.મી.ના સિંધાવદર- બિલેશ્વર તેમજ ૧૬.૬૬ કી.મી.ના મુળી રોડ- વાગડીયા ખંડને ઓક્ટોબર ૨૦૨૨માં, ૯.૧૫ કી.મી.ના બિલેશ્વર- રાજકોટ ખંડને ફેબ્રુઆરી ૨૦૨૩માં કમીશનીંગ માટે તૈયાર કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્રને સમગ્ર ગુજરાત અને દેશનાં તમામ રાજ્યો સાથે જોડવા માટે વધુ સારા રેલાવે માળખાનું નિર્માણ કરવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. સુરેન્દ્રનગર- રાજકોટ ડબલ ટ્રેક ઉપરાંત રાજકોટથી આગળ કાનાલુસ સુધી ડબલ ટ્રેકનું કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે, જેનાથી સમગ્ર સૌરાષ્ટ્રને સુદ્રઢ રેલવે કનેક્ટિવિટીની ભેટ આગામી સમયમાં મળનાર છે.

# કર્ણાટકમાં સરકાર મંદિરોમાંથી ટેક્સ વસૂલવાની તૈયારી કરી રહી છે

## આ હેઠળ સરકાર ૧ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરતા મંદિરોની આવકમાંથી ૧૦ ટકા એકત્રિત કરશે, આ ગરીબી સિવાય બીજું કંઈ નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

કર્ણાટકમાં કોંગ્રેસ સરકાર મંદિરોમાંથી ટેક્સ વસૂલવાની તૈયારી કરી રહી છે. આ સંદર્ભમાં, કર્ણાટક હિન્દુ ધાર્મિક સંસ્થાઓ અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ બિલ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું હતું. આ બિલ પાસ થયા બાદ ભારતીય જનતા પાર્ટીએ રાજ્ય સરકાર પર પ્રહારો કર્યા અને તેને હિંદુ વિરોધી ગણાવી હતી.



કર્ણાટક ભાજપના અધ્યક્ષ વિજયેન્દ્ર યેદિયુરપ્પા એ કહ્યું હતું કે કોંગ્રેસ સરકાર હિંદુ વિરોધી નીતિઓ અપનાવીને પોતાની ખાલી તિજોરી ભરવા માંગે છે. વાસ્તવમાં આ બિલ હેઠળ સરકારને તે મંદિરો પાસેથી ૧૦ ટકા ટેક્સ લેવાનો અધિકાર હશે જેમની આવક ૧ કરોડ રૂપિયાથી વધુ છે અને જે મંદિરોની આવક ૧૦ લાખથી ૧ કરોડ રૂપિયાની વચ્ચે છે તે મંદિરો પાસેથી ૫ ટકા ટેક્સ લેવામાં આવશે. વિજયેન્દ્ર યેદિયુરપ્પા એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહ્યું હતું કે રાજ્યમાં સતત હિંદુ વિરોધી નીતિઓ અપનાવીને કોગ્રેસ સરકાર હિંદુ મંદિરોની આવક પર નજર નાખી રહી છે અને પોતાનો ખાલી ખજાનો ભરવા માટે હિન્દુ ધાર્મિક સંસ્થાઓ અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ બિલ પાસ કર્યું છે. આ સાથે તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ટેક્સમાંથી એકત્ર કરાયેલા નાણાંનો ઉપયોગ અન્ય હેતુઓ માટે કરવામાં આવશે. તેમણે કહ્યું, "આ હેઠળ સરકાર ૧ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરતા મંદિરોની આવકમાંથી ૧૦ ટકા એકત્રિત કરશે, આ ગરીબી સિવાય બીજું કંઈ નથી. ભગવાનના જ્ઞાન અને મંદિરના વિકાસ માટે ભક્તો દ્વારા અર્પણ કરવામાં આવતો પ્રસાદ મંદિરના જીર્ણોદ્ધાર અને ભક્તોની સુવિધા માટે ફાળવવો જોઈએ. જો તે અન્ય કોઈ હેતુ માટે ફાળવવામાં આવે છે તો તે લોકોની દૈવી માન્યતાઓ પર હિંસા અને છેતરપિંડી થશે." બીજેપી નેતાએ એમ પણ કહ્યું કે શા માટે માત્ર હિન્દુ મંદિરોને જ નિશાન બનાવવામાં આવે છે અન્ય ધર્મોને નહીં. બીજેપીના હુમલાનો જવાબ આપતા કર્ણાટકના મંત્રી રામલિંગા રેડ્ડીએ ભાજપ પર ધર્મને રાજકારણમાં લાવવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે કોંગ્રેસ હિન્દુત્વની સાચી સમર્થક છે. કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે વિજયેન્દ્ર યેદિયુરપ્પા, તે સ્પષ્ટ છે કે ભાજપ હંમેશા દાવો કરીને રાજકીય લાભ લે છે કે કોંગ્રેસ હિંદુ વિરોધી છે. જો કે, અમે કોંગ્રેસના લોકો પોતાને હિંદુ ધર્મના સાચા સમર્થકો માનીએ છીએ, કારણ કે વર્ષોથી કોંગ્રેસની સરકારોએ મંદિરો અને હિંદુ હિતોનું સતત રક્ષણ કર્યું છે.

**ન્યૂઝ બ્રિફ**

### ડ્રાયવરને હાર્ટએટેક આવતા કાર શોભા યાત્રા પર ફરી વળતાં બેનાં મોત



। (એજન્સી) નાગૌર, તા.૨૨ ।

રાજસ્થાનના નાગૌરમાં આવેલા ડેગાના ખાતે વિશ્વકર્મા જયંતિના અવસરે જ એક મોટી દુર્ઘટના સર્જાઈ. અહીં એક કાર શોભાયાત્રા પર ફરી વળી હતી. જેના લીધે ડઝનેક લોકો કાર નીચે કચડાઈ ગયા હતા. માહિતી અનુસાર ૨ લોકો તો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા અને અન્ય ઘાયલોને અજમેર રિફર કરી દેવામાં આવ્યા છે. આ દુર્ઘટના બાદ ડેગાના ખાતે આવેલી હોસ્પિટલમાં પણ ભારે ભીડ જોવા મળી હતી. ખરેખર કારચાલકને હાર્ટએટેક આવી ગયો હતો જેના લીધે તેણે ગાડી પરથી કાબૂ ગુમાવી દીધો હતો. ગાડી એટલી ઝડપે દોડી રહી હતી કે તે તેને કાબૂ ન કરી શક્યો અને ભીડ તેની લપેટમાં આવી ગઈ. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે જેમાં દેખાય છે કે કેવી રીતે એક કાર લોકોની ભીડ પર ફરી વળે છે અને તેમને કચડીને આગળ વધી જાય છે.

### મુંબઈમાં હિરાનંદાની ગ્રૂપની ઓફિસ-અન્ય ઠેકાણા પર દરોડા

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી) એ આજે મુંબઈમાં હિરાનંદાની ગ્રૂપની મુખ્ય ઓફિસ અને અન્ય ઠેકાણાઓ પર દરોડા પાડ્યા છે. કેન્દ્રીય એજન્સીએ ફેમા (ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, ૧૯૯૯) સંબંધિત નિયમોના ઉલ્લંઘનના કિસ્સામાં બિઝનેસ જૂથ વિરુદ્ધ આ કાર્યવાહી કરી છે. ઈડી દ્વારા આ દરોડા મુંબઈ, ચેન્નઈ અને બેંગ્લોરમાં પાડવામાં આવ્યા હતી, જેમાં ગ્રૂપના ડાયરેક્ટરોના સ્થળો પર પણ કાર્યવાહી કરવામાં આવી હતી. નાણાકીય ગેરરીતિના આરોપ સર આ દરોડો પાડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ પહેલીવાર નથી કે જ્યારે ઈડીએ હિરાનંદાની ગ્રૂપ વિરુદ્ધ દરોડા પાડ્યા હોય. અગાઉ ૨૦૨૨માં પણ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમે ગ્રૂપના ૨૪ સ્થળો પર દરોડા પાડ્યા હતા. તૃણમૂલના પૂર્વ સાંસદ મહુઆ મોઈત્રાના 'કેશ ફોર ક્વેરી' કેસમાં હિરાનંદાની ગ્રૂપ પણ ચર્ચામાં આવ્યું હતું. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાને કરેલી લેખિત ફરિયાદમાં મહુઆ મોઈત્રા પર તેમના વતી સંસદમાં પ્રશ્નો પૂછવા માટે ઉદ્યોગપતિ દર્શન હિરાનંદાની પાસેથી પૈસા અને મોંઘી ભેટ લેવાનો આરોપ લગાવ્યો હતો.

### ભારતીય મૂળની શીખ યુવતીએ પાકિસ્તાન જઈ નિકાહ કરી લીધા

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૨ ।

થોડા મહિના પહેલા ભારતની અંજૂએ પાકિસ્તાન પહોંચીને પોતાના પ્રેમી નસરુલ્લાહ સાથે લગ્ન કરીને બધાને ચોંકાવી દીધા હતા. હવે ફરી આ જ પ્રકારની ઘટના બની છે. જેમાં ભારતીય મૂળની એક શીખ યુવતીએ પાકિસ્તાનના સિયાલકોટ ખાતે પહોંચીને પોતાના પ્રેમી સાથે નિકાહ કરી લીધા છે. આ માટે તેણે ઈસ્લામ ધર્મ પણ સ્વીકારી લીધો છે. આ શીખ યુવતીનુ નામ જસપ્રીત કૌર છે અને તે જર્મનીમાં રહે છે. ધર્મ બદલ્યા બાદ તેનુ નવુ નામ ઝૈનબ રાખવામાં આવ્યુ છે. જસપ્રીત ઉર્ફે ઝૈનબ અલી અરસલાન નામના પાકિસ્તાની યુવક સાથે પ્રેમમાં પડી હતી. તેના પિતા સંગારા સિંહ ભારતના લુધિયાણા શહેરમાં રહે છે. જસપ્રીત ૧૬ જાન્યુઆરીએ ધાર્મિક યાત્રા માટે પાકિસ્તાન પહોંચી હતી. તેની પાસે ભારતીય પાસપોર્ટ છે. તેને પાકિસ્તાને ૧૫ એપ્રિલ સુધીનો વિઝા આપ્યો હતો. પોતાના પાકિસ્તાની પ્રેમી સાથે નિકાહ કરતા પહેલા તેણે સિયાલકોટની જામિયા હનાફિયા નામની સંસ્થામાં ઈસ્લામ ધર્મ અપનાવ્યો હતો. સંસ્થાનુ કહેવુ છે કે, જસપ્રીત ઉર્ફે ઝૈનબ ૨૦૦૦ જેટલા બિન મુસ્લિમો પૈકીની એક છે જેમણે ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો છે.

**ભારતના મુકાબલા માટે પાકિસ્તાનનાં હવાતિયાં**

## પાક. એરફોર્સ એફ-૧૬ ફાઈટર જેટ્સમાં તૂર્કીની મિસાઈલ લગાવશે

। નવી દિલ્હી, તા.૨૨ ।



પાકિસ્તાન એરફોર્સ પોતાના એફ-૧૬ ફાઈટર જેટ્સમાં તૂર્કીની હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ લગાવવા જઈ રહી છે. આ મિસાઈલનું નામ બોઝાડોએનછે. પાકિસ્તાન તેના જૂના એઆઈએમ-૯ સાઈડવિન્ડરની જગ્યાએ આ નવી મિસાઈલનો ઉપયોગ પોતાના ફાઈટર જેટમાં કરશે. તેમાં હાઈ-રિઝોલ્યુશન ઈન્ફ્રારેડ સીકર (આઈઆઈઆર) હેડ છે. એટલું જ નહીં બંને દેશોએ નવી બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ એર-ટુ-એર મિસાઈલ બનાવવાનો પણ નિર્ણય લીધો છે. આ નવી મિસાઈલ તૂર્કીની ગોકેડોગનઅને પાકિસ્તાનની ફાઝ-૨ બીવીઆરએએએમમિસાઈલને જોડીને બનાવવામાં આવશે. જેથી ભારતની હવાથી હવામાં પ્રહાર કરતી એસ્ટ્રામિસાઈલને ટક્કર આપી શકાય. બોઝોડોએનમિસાઈલની રેન્જ ૨૫ કિલોમટર છે. તેની ગતિ ૩૫૭૮ કિમી પ્રતિ કલાક છે. હવાઈ યુદ્ધ દરમિયાન આ મિસાઈલ ઘણી અસરકારક છે. આઈઆઈઆરટેકનોલોજીના કારણે આ મિસાઈલ ક્રૂઝ મિસાઈલને પણ નીચે પાડી શકે છે. જે મિસાઈલને પાકિસ્તાન હટાવી રહ્યું છે એટલે કે એઆઈએમ-૯ સાઈડવિન્ડરતેની રેન્જ ૩૫.૩ કિમી છે. તે ૨૯૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દુશ્મનો તરફ હુમલો કરે છે. હવે વાત કરીએ નવી મિસાઈલની જે તૂર્કી અને પાકિસ્તાન સાથે મળીને વિકસાવવાની તૈયારી કરી રહ્યા છે.

**લોકસભાની ચૂંટણીને લઈને કમર કસતો ભાજપ**

## સરકારની ૧૦ વર્ષની સિદ્ધિ પ્રજા વચ્ચે લઈ જવાની તૈયારી શરૂ

### ભાજપ રામ મંદિર નિર્માણ, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ હટાવવા સહિતના મુદ્દાઓ પણ પ્રજા સમક્ષ રજૂ કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભાજપે લોકસભાની ચૂંટણીની તૈયારીના ભાગરૂપે મોદી સરકારની ૧૦ વર્ષની સિદ્ધિ અને કલ્યાણકારી યોજનાઓ પ્રજા વચ્ચે લઈ જવાની તૈયારી શરૂ કરી દીધી છે. ભાજપ રામ મંદિર નિર્માણ, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ હટાવવા સહિતના મુદ્દાઓ પણ પ્રજા સમક્ષ રજૂ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને પાર્ટીના તમામ મોટા નેતાઓ આ તમામ વિષયો પર સતત અવાજ ઉઠાવી રહ્યા છે, પરંતુ શું ભાજપે ચૂંટણી જીતવા માત્ર આ વિષયો પર જ નિર્ભર રહેવું પડશે? ચૂંટણી પ્રચારમાં ભાજપ આ તમામ મુદ્દા પ્રજા વચ્ચે ઉઠાવવાની છે, પરંતુ પક્ષનું સૌથી વધુ ધ્યાન અન્ય મુદ્દા પર પણ કેન્દ્રિત છે. ભાજપ ચૂંટણી પ્રચારમાં મોદી સરકારની ૧૦ વર્ષની સિદ્ધિ ઉપરાંત રામ મંદિર અને કલમ-૩૭૦નો મુદ્દો તો ઉઠાવશે જ. આ ઉપરાંત પક્ષ બુથ મેનેજમેન્ટ પર પણ વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. તાજેતરમાં ભાજપનું રાષ્ટ્રીય અધિવેશન યોજાયું હતું, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ કાર્યકર્તાઓને વધુમાં વધુમાં મતદારો જોડવા અને ૧૦૦ દિવસનો ટાસ્ક પણ સોંપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'ભાજપના કાર્યકર્તાઓ દેશ માટે કંઈને કંઈક કરતા રહે છે, પરંતુ આગામી ૧૦૦ દિવસ નવી ઊર્જા, નવો ઉમંગ, નવો ઉત્સાહ, નવો વિશ્વાસ અને નવા જોશ સાથે કામ કરવાના છે. એક-એક મતદારો સુધી પહોંચવાનું છે.' આ સંબોધનમાં બુથ મેનેજમેન્ટ અને બુથ જીતવાની વ્યૂહનીતિનો સ્પષ્ટ સંદેશો જોવા મળ્યો છે. ભાજપ વડાપ્રધાન મોદીના લક્ષ્યાંકને પાર પાડવા તૈયારીમાં જોતરાઈ ગઈ છે. ભાજપે તમામ રાજ્યના એકમોની જવાબદારી નક્કી કરવા ઉપરાંત સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, તમામ મંડળ પ્રભારી ૩૦ દિવસમાંથી ઓછામાં ઓછું એક દિવસ એક પેજ પ્રમુખ સાથે મુલાકાત કરે. તેમણે દરેક મતદાર સુધી પહોંચવાનો ટાસ્ક સોંપ્યું હતું અને આ માટે પક્ષે વ્યૂહરચના પણ ઘડી છે. દેશભરના તમામ સ્તરના નેતાઓ અને કાર્યકરોને દરેક બુથ પર ૩૭૦ મત વધારવા કહેવાયું છે. ડેટા મુજબ વાત કરીએ તો દેશભરમાં કુલ ૧૦ લાખ ૩૫ હજાર અને એક લોકસભા મતવિસ્તારમાં સરેરાશ ૧૯૦૦ બુથ છે.

### ગુલમર્ગમાં હિમવર્ષાથી એકનું મોત, બે વિદેશીને બચાવાયા

। (એજન્સી) જમ્મુ, તા.૨૨ ।

જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગમાં બરફનું તોફાન ત્રાટક્યું છે, જેના કારણે જાણીતા ટુરિસ્ટ પ્લેસ પર ઘણા પ્રવાસીઓ ફસાયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બે વિદેશી પ્રવાસીઓને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે એક વિદેશી પ્રવાસીનું મોત થયું છે. ઉલ્લેખનીય છે કે ગુલમર્ગમાં છેલ્લા ઘણા દિવસોથી ભારે હિમવર્ષા થઈ રહી છે. જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગના બેક કન્ટ્રી વિસ્તારમાં હિમપ્રપાત થયો હતો. જેના કારણે કેટલાક સ્કીઅર્સ ફસાયા છે. નોંધનીય છે કે જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે ચોથા દિવસે પણ બંધ રહ્યો હતો, જેના કારણે વાહનવ્યવહાર સંપૂર્ણ રીતે ઠપ થઈ જતાં મુસાફરોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વહીવટીતંત્ર દ્વારા વાહનવ્યવહાર ફરીથી શરુ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. હાલ ગુલમર્ગમાં વિન્ટર ગેમ્સનો આજે બીજો દિવસ છે. અને ગુલમર્ગમાં વિવિધ સ્પર્ધાઓ ચાલી રહી છે. દેશ-વિદેશના ખેલાડીઓની સાથે સાથે મોટી સંખ્યામાં રમતપ્રેમીઓ અને પ્રવાસીઓ પણ અહીં પહોંચ્યા છે.




નવી દિલ્હીમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયના ચાર ઓનલાઈન પોર્ટલના લોકાર્પણ સમયે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ યુવા બાબતો અને રમતગમત મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે હાજરી આપી હતી.

**ચૂંટણીનું નોટિફિકેશનનો ઈન્તજાર**

### બેઠકોની વહેંચણીનું કામ પહેલા થવું જોઈતું હતું: અરવિંદ કેજરીવાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

લોકસભાની ચૂંટણી માટે ફેબ્રુઆરીના અંતમાં અથવા માર્ચના પ્રથમ અઠવાડિયામાં નોટિફિકેશન બહાર પાડવામાં આવી શકે છે. આ સંભાવનાને ધ્યાનમાં રાખીને તમામ રાજકીય પક્ષો પૂરજોશમાં તૈયારી કરી રહ્યા છે. આ વચ્ચે દિલ્હીથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે જેમાં આમ આદમી પાર્ટી (આપ) અને કોંગ્રેસ વચ્ચે ચૂંટણીને લઈને સમજૂતી થઈ છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, દિલ્હીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ગઠબંધન પર વાતચીત અંતિમ તબક્કામાં ચાલી રહી હતી. આજે બંને પક્ષો વચ્ચે બેઠક વહેંચણીને લઈને સમજૂતી થઈ છે, જેમાં દિલ્હીમાં લોકસભાની સાત બેઠકોમાંથી આપ ૪ બેઠકો પર ચૂંટણી લડશે જ્યારે કોંગ્રેસે ૩ લોકસભા બેઠકો પર ચૂંટણી લડી શકે છે. નોંધનીય છે કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઘણી વખત કોંગ્રેસ સાથે સીટ વહેંચણીમાં વિલંબ પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે "આ કામ ઘણું પહેલા થઈ જવું જોઈતું હતું"

**વડાપ્રધાને વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ ખુલ્લો મૂક્યો**

## ચિનાબ પરના બ્રિજની ઊંચાઈ નદી તટથી ૩૫૯ મીટર છે

। (એજન્સી) જમ્મુ, તા.૨૨ ।

જમ્મુ-કાશ્મીરમાં ચિનાબ નદી પર વિશ્વનો સૌથી ઊંચા રેલવે બ્રિજનું મંગળવારે પ્રધાનમંત્રી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેને કટરા-બનિહાલ રેલવે ખંડ પર લગભગ ૨૮ હજાર રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યો છે. આ પુલનું નિર્માણ ૨૦૦૪માં શરૂ થયું હતું અને વર્ષ ૨૦૦૯માં જ તેને પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. જો કે, સુરક્ષાના કારણોસર, તેની પ્રોજેક્ટ સાઈટ પરનું કામ ઘણી વખત અટકાવવું પડ્યું હતું.આ બ્રિજનું નિર્માણ કોંકણ રેલવે કોર્પોરેશન લિમિટેડ ઉધમપુર-શ્રીનગર-બારામૂલા રેલવે લિંક પરિયોજના હેઠળ કરવામાં આવ્યુ છે, જે ખીણને દેશના અન્ય ભાગો સાથે જોડશે. આથી ભારતીય સેના માટે પણ કામ સરળ બન્યું છે. ચાલો જાણીએ તેની વિશેષતાઓ અને શા માટે આ બ્રિજ પાકિસ્તાન અને ચીનની ચિંતાનું કારણ બન્યો છે. આ રેલવે બ્રિજની ઊંચાઈ નદી તટથી ૩૫૯ મીટર અને લંબાઈ ૧૩૧૫ મીટર છે. આ બ્રિજ પેરિસના એફિલ ટાવર કરતાં ૩૫ મીટર ઊંચો છે. જો કે ચીનની શુપાઈ નદી પર બનેલો પુલ ૨૭૫ મીટર ઊંચો છે. આ પુલને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે તે ૧૨૦ વર્ષ સુધી સેવા આપતો રહેશે. આનાથી ભારતીય રેલવે માટે જમ્મુથી કાશ્મીર ખીણ સુધી પહોંચવામાં સરળતા રહેશે. આ બ્રિજને સ્ટ્રક્ચરલ સ્ટીલથી બનાવવામાં આવ્યો છે, જે માઈનસ ૧૦ ડિગ્રી સેલ્સિયસથી ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધીના તાપમાનને વેઠી શકે છે. આથી એવું કહી શકાય કે આ બ્રિજ પર જમ્મુ-કાશ્મીરના કોઈ પણ હવામાનની અસર પડશે નહીં અને તે વિસ્તારના બાકી ભાગો સાથે કનેક્ટિવિટી પણ રહેશે. આ બ્રિજ ચિનાબ નદીના બંને કિનારા-કૌરી છોર અને બક્કલ છોર પર સ્થાપિત બે વિશાળ કેબલ ક્રેનની મદદથી બનાવવામાં આવ્યો છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)ની મદદથી આ બ્રિજને બ્લાસ્ટ લોડ માટે પણ તૈયાર કરવામાં આવ્યો છે, એટલે કે એક રીતે આ બ્રિજ પર બ્લાસ્ટની કોઈ અસર નહીં થાય. આ બ્રિજ પર ટ્રેનો ૧૦૦ થી ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી શકશે.



આ બ્રિજનો વિસ્તાર ભૂકંપ ઝોન ચારમાં આવે છે, પરંતુ તેને ભૂકંપ ઝોન પાંચ માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, એટલે કે તે ભૂકંપની દ્રષ્ટિએ એકદમ સલામત છે અને રિક્ટર સ્કેલ પર આઠની તીવ્રતાના ભૂકંપને પણ સરળતાથી ટકી શકશે. આ ઉપરાંત કાશ્મીર ખીણમાં જોરદાર પવન ફૂંકાય, તેથી આ બ્રિજને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે જો ૨૬૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તો પણ બ્રિજ સુરક્ષિત રહે. ખીણમાં હાઈ સ્પીડ ટ્રેનો માટે માર્ગ મોકળો કરતો ચિનાબ રેલવે બ્રિજ પર બે પાટા નાખવામાં આવ્યા છે, જેથી ટ્રેનોને ક્રોસિંગ માટે ક્યાંય રોકવી ન પડે. તે ઈક્રીમેન્ટલ લોન્ચિંગ અથવા પુશ-પુલ ટેક્નોલોજી સાથે તૈયાર કરવામાં આવ્યું છે.

**લોકસભાની ચૂંટણીઓને લઈને તૈયારી પૂરજોરમાં**

## અરવિંદ કેજરીવાલને હાજર થવા ઈડીનું સાતમું સમન્સ

### અગાઉ ૧૪ ફેબ્રુઆરીએ ઈડીએ કેજરીવાલને સમન્સ મોકલ્યું હતું, છઠ્ઠા સમન્સ પર પણ હાજર થયા ન હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

લોકસભાની ચૂંટણી માટે ફેબ્રુઆરીના અંતમાં અથવા માર્ચના પ્રથમ અઠવાડિયામાં નોટિફિકેશન બહાર પાડવામાં આવી શકે છે. આ સંભાવનાને ધ્યાનમાં રાખીને તમામ રાજકીય પક્ષો પૂરજોશમાં તૈયારી કરી રહ્યા છે. આ વચ્ચે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ દિલ્હી લિકર પોલિસી કૌભાંડમાં પૂછપરછ માટે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સાતમું સમન્સ મોકલ્યું છે. ઈડીએ કેજરીવાલને છ સમન્સ મોકલ્યા હતા, પરંતુ તેઓ કોઈને કોઈ કારણોસર ઈડી સમક્ષ હાજર થયા નથી. અહેવાલો અનુસાર, દિલ્હીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ગઠબંધન પર વાતચીત અંતિમ તબક્કામાં ચાલી રહી હતી. આજે બંને પક્ષો વચ્ચે બેઠક વહેંચણીને લઈને સમજૂતી થઈ છે, જેમાં દિલ્હીમાં લોકસભાની સાત બેઠકોમાંથી આપ ૪ બેઠકો પર ચૂંટણી લડશે જ્યારે કોંગ્રેસે ૩ લોકસભા બેઠકો પર ચૂંટણી લડી શકે છે. નોંધનીય છે કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઘણી વખત કોંગ્રેસ સાથે



સીટ વહેંચણીમાં વિલંબ પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે "આ કામ ઘણું પહેલા થઈ જવું જોઈતું હતું" દિલ્હી લિકર પોલિસી કૌભાંડમાં મની લોન્ડરિંગના આરોપો છે અને ઈડીએ આ જ કેસમાં પૂછપરછ માટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સમન્સ મોકલ્યું છે. અગાઉ ૧૪ ફેબ્રુઆરીએ પણ ઈડીએ કેજરીવાલને પૂછપરછ માટે સમન્સ મોકલ્યું હતું, પરંતુ છઠ્ઠા સમન્સ પર પણ કેજરીવાલ હાજર થયા ન હતા. વર્ષ ૨૦૨૩મા ૨ નવેમ્બર, ૨૧ ડિસેમ્બર અને આ વર્ષે ૩ જાન્યુઆરી, ૧૮ જાન્યુઆરી અને ૨ ફેબ્રુઆરીએ ઈડીએ કેજરીવાલને પૂછપરછ માટે સમન્સ મોકલ્યું હતું. નવેમ્બર ૨૦૨૧માં દિલ્હી સરકારે નવી આબકારી નીતિની શરૂઆત કરી હતી.

## તંત્રી લેખ...

# ભારતીય શેરબજારની ફ્લેટ શરૂઆત

આજે વીકલી એક્સપાયરીનાં દિવસે ભારતીય શેરબજારમાં ફ્લેટ શરૂઆત જોવા મળી છે. જોકે અમેરિકન શેરબજારોના મિશ્ર સંકેતો અને ફેડની મિનિટો જાહેર થવાને કારણે બજારમાં ઉથલપાથલ થઈ શકે છે. ગિફ્ટ નિફ્ટીમાં મજબૂત હકારાત્મક શરૂઆત થઈ છે. ઈન્ડેક્સ ૨૨૧૩૦ ની ઉપર ટ્રેડ થઈ રહ્યો છે. એશિયન બજારોમાં ખાસ કરીને જાપાનમાં જોરદાર ખરીદી છે. એશિયાના બજારોની વાત કરીએ તો મજબૂત પરિણામો અને રોકાણકારો માટે લેવામાં આવેલા વધુ સારા પગલાં બાદ જાપાનનો નિક્કી ઈન્ડેક્સ રેકોર્ડ હાઈ પર પહોંચી ગયો છે. નિક્કી ઈન્ડેક્સ આજે ૩૮,૯૨૪.૮૮ ના સ્તર પર પહોંચી ગયો છે. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ પણ ઉછાળા સાથે દેખાવ કરી રહ્યો છે. હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં વધારો જોવા મળી રહ્યો છે. બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રોકડ બજારમાં રૂા. ૨૮૪.૬૬ કરોડના શેર ખરીદ્યા હતા. તે જ સમયે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ગઈકાલે રોકડ બજારમાં રૂા. ૪૧૧.૫૭ કરોડના શેરનું વેચાણ કર્યું હતું. વૈશ્વિક બ્રોકરેજ ફર્મ જેફરીઝે કહ્યું છે કે ૨૦૨૭ સુધીમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. જીડીપીમાં સતત વૃદ્ધિ, ભૌગોલિક રાજકીય સમર્થન, માર્કેટ કેપિટલાઈઝેશનમાં વધારો, સતત સુધારા અને કોર્પોરેટ કલ્ચર મજબૂત થવાને કારણે ભારતની અર્થવ્યવસ્થા માં સુધારો જોવા મળશે. બુધવારે દિવસના છેલ્લા કલાકમાં વધ્યા પછી, **S&P** સૂચકાંકો વૃદ્ધિ સાથે બંધ થયા હતા. **Nvidia**ના ચોથા ક્વાર્ટરના પરિણામો પણ મજબૂત હતા. ડાઉ જોન્સ પણ નજીવા વધારા સાથે બંધ રહ્યો હતો પરંતુ નાસ્ડેકમાં ૦.૩% નો ઘટાડો જોવા મળ્યો. બોન્ડ યીલ્ડ અને કોમોડિટીના ભાવમાં થોડો વધારો થયો હતો પરંતુ કરન્સી માર્કેટમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો નથી. **NSE** એ આજે માટે **F&O** પ્રતિબંધ સૂચિમાં અશોક લેલેન્ડ, પિરામલ એન્ટરપ્રાઈઝિસ અને **PVR** આઈનોક્સનો સમાવેશ કર્યો છે. બલરામપુર ચીની, બંધન બેંક, બાયોકોન, કેનેરા બેંક, જીએમઆર એરપોર્ટ, જીએનએફસી, હિન્દુસ્તાન કોપર, ઈન્ડિયા સિમેન્ટ્સ, ઈન્ડસ ટાવર્સ, નેશનલ એલ્યુમિનિયમ, આરબીએલ બેંક અને ઝી પહેલાથી જ આ યાદીમાં સામેલ છે. **SAIL** આજે આ યાદીમાંથી બહાર થઈ ગયું છે.

# સાંસદ શ્રીમતી ડો. ભારતીબેન શિયાળની અધ્યક્ષતામાં દિશા સમિતિની બેઠક મળી

### સાંસદશ્રીએ જિલ્લામાં વિવિધ યોજનાઓની અમલવારી તેમજ તેના લક્ષ્યાંકો અંગે સમીક્ષા કરી





। (માહિતી) ભાવનગર ।

કલેકટર કચેરી, ભાવનગર ખાતેનાં આયોજન હોલમાં સાંસદ શ્રીમતી ડો.ભારતીબેન શિયાળની અધ્યક્ષતામાં જિલ્લાની તમામ કચેરીઓનાં વડાઓ સાથેની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ભાવનગરની ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો–ઓર્ડીનેશન એન્ડ મોનીટ-રીંગ કમિટી (દિશા) ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાંસદશ્રીએ કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ યોજનાઓની સમિક્ષા કરી હતી તેમજ ભાવનગર જિલ્લાનાં તમામ વિભાગોની કામગીરી, સરકારી યોજનાઓ તેમજ તેની અમલવારી તેમજ વિભાગોનાં લક્ષ્યાંકોની માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

જેમાં સાંસદ આદર્શ ગામ, સ્વચ્છ ભારત મિશન, પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, શૈક્ષણિક યોજનાઓ, પશુપાલન, પુરક પોષણ, કિશોરી શક્તિ યોજના, પોષણ અભિયાન તેમજ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, મધ્યાહન ભોજન યોજના, કુટીર ઉદ્યોગ, આંગણવાડીઓની સમીક્ષા, માતૃ વંદના યોજના, આરોગ્યક્ષેત્રે થયેલ કામો, સમાજ કલ્યાણ વિભાગની યોજનાઓ, સુજલામ સુફલામ તેમજ સિંચાઈના કામો, કૃષિ ક્ષેત્રે થયેલ કામો, વીજળી, વાસ્મો, ભારત સંચાર નિગમ લિ., જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, રેલ્વે, પાણી પુરવઠા, નેશનલ હાઈવે ઓર્થોરીટી, જિલ્લા ઉદ્યોગ, પી.જી.વી.સી.એલ દ્વારા ચાલતી વિવિધ માનવ કલ્યાણ યોજનાઓ વગેરે યોજનાઓમાં પૂર્ણ થયેલ કામો, પ્રગતિ હેઠળના કામો તેમજ આયોજન કરેલ કામોની સમીક્ષા કરી જરૂરી સુચન તેમજ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું તથા બેઠકમાં લેવાયેલ નિર્ણયોની ચુસ્ત અમલવારી તેમજ અધીકારીશ્રીઓ દ્વારા પડતર પ્રશ્નોનુ ફોલો-અપ લેવા સુચન કર્યુ હતુ.

આ બેઠકમાં મેયર શ્રી ભરતભાઈ બારડ, જિલ્લા કલેક્ટરશ્રી આર.કે.મહેતા, મ્યુનિસિપલ કમિશનર શ્રી એન. વી. ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારીશ્રી જી.એચ. સોલંકી, નાયબ વન સંરક્ષકશ્રી સાદિક મુંજાવર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી જયશ્રીબેન જરૂ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ સહિતના તમામ દિશા કમિટીના સભ્યશ્રીઓ તેમજ અધિકારીશ્રી-પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

### જન્મ માત્ર ભોગ ઉપભોગના અર્થે મળ્યો નથી, અને એક દિવસ જેમ ખાલી હાથે આવ્યા હતા એમ જ ખાલી હાથે જવાનું છે

# ઈક દિન બીક જાયેંગે, માટી કે મોલ.. જગ મેં રહ જાયેંગે, પ્યારે તેરે બોલ.. એ જ આપણાં સૌના જીવનની સચ્ચાઈ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**લોકો પોતાની મૌલિકતા ભૂલતા જાય છે! પરંતુ આખરે જાહેરાત માનવીય મનની કમજોરીને ધ્યાનમાં રાખીને જ બનતી હોય છે, એટલે એનો દોષ જોયા વગર આપણે સૌએ આવી વાતનો બહિષ્કાર કરવો પડશે, ત્યારે જ કંઈક પરિણામ મળશે**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઘણીવાર કોઈ એડવર્ટાઈઝમેન્ટ ટીવીમાં કે અન્ય હોર્લ્ડિંગ પર જોઈએ તો, આપણને સમજાય જ નહીં કે, આ એડવર્ટાઈઝમેન્ટ મૂળ કઈ વસ્તુની થઈ રહી છે, એટલું દેહપ્રદર્શન તેમાં હોય છે. ઈન્ડકશન ચુલા હોય, ગેસનો ચૂલો હોય,ફ્રીઝ, ટીવી, ઘંટી વોશીંગ મશીન ડીટરજન્ટ કે પછી સીંગતેલ કે અન્ય બ્રાન્ડનુ તેલ હોય, એ વસ્તુ એક બાજુ હોય, અને એને દર્શાવનારી લાલનાનાં પરિવેશ પર જ સૌનું ધ્યાન જાય, એ રીતે તેનું માર્કેટિંગ થઈ રહ્યું છે. આ વસ્તુ શું બતાવે છે? લોકો પોતાની મૌલિકતા ભૂલતા જાય છે! પરંતુ આખરે જાહેરાત માનવીય મનની કમજોરીને ધ્યાનમાં રાખીને જ બનતી હોય છે, એટલે એનો દોષ જોયા વગર આપણે સૌએ આવી વાતનો બહિષ્કાર કરવો પડશે, ત્યારે જ કંઈક પરિણામ મળશે. કહેવાનું તાત્પર્ય એ છે કે માનવીને જન્મ માત્ર ભોગ ઉપભોગના અર્થે મળ્યો નથી, અને એક દિવસ જેમ ખાલી હાથે આવ્યા હતા એમ જ ખાલી હાથે જવાનું છે. પંચમહાભૂતનો બનેલો આ દેહ, અંતે પંચમહાભૂતમાં વિલીન થવાનો છે, અને આ સત્ય સૌ કોઈ જાણે જ છે. છતાં અહીં થી ક્યારેય જવાનું ન હોય, અને આ ભોગ કાયમ રહેવાના હોય, એ રીતે તેનું મમત વધતું જ જાય છે. હમણાં જ લગ્નને નામે ખરીદી કરી અને બધું સાચવીને મુકતી હતી તો વિચારતી હતી કે જરૂરિયાતોને નામે કેટલી સંઘરાખોરી થાય છે! શું આ જરૂરી હતું? એ પ્રશ્નાર્થ આ વખતે થોડો વધુ ગહેરી ચોટ આપી ગયો. જ્યારે મૃત્યુની ઘડી આવે ત્યારે માનવીય વસ્તીના ૧૦% થી પણ ઓછા માનવી કંઈક વિશેષ કર્મ કરીને જાય છે. ઈતિહાસ સાક્ષી છે કે, જેણે કંઈક વિશેષ કાર્ય કર્યું છે તેને સૌ કોઈ યાદ કરે છે, અને સદી બદલાઈ જાય છતાં પણ જે યાદ રહે, એવું કંઈક વિશેષ કાર્ય કરવા જ આપણો જન્મ થયો છે, એ સત્ય સૌ કોઈ વિસરીને ભોગ વિલાસમાં જીવન પૂરું કરે છે. આજે આપણે આવા જ એક ગીતનો સંદર્ભ લઈ તરાને કી તર્જ જ જીવન કા અર્કમાં આગળ ચિંતન કરીશું.

૧૯૭૫માં બનેલી જોકર નામની ફિલ્મનું આ ગીત છે, આ ફિલ્મ રાજ કપૂર દ્વારા નિર્દેશિત કરવામાં આવી હતી, ગીતનું સંગીત આર ડી બર્મન સાહેબનું, તથા સુપ્રસિદ્ધ ગાયક મુકેશ દ્વારા ગવાયેલું અને શબ્દો છે મઝરૂહ સુલતાનપુરી સાહેબ ના. કવિ જીવનનું કેટલું મોટું સત્ય આ ગીત દ્વારા ઉજાગર કરે છે, પંચમહાભૂતનો બનેલો દેહ અંતે પંચમહાભૂતમાં વિલિન થઈ જાય છે, અને આ સદીઓ પુરાણું સત્ય છે, અને કદાચ આવતીકાલે પણ આજ સત્ય રહેશે, અને માનવજાતનું અસ્તિત્વ જ્યાં સુધી આ પૃથ્વી પર લખાયેલું હશે, ત્યાં સુધી મૃત્યુ સંબંધી આ સત્ય અકાટ્ય છે, એટલે કે માનવી વિજ્ઞાનની ગમે તેવી શોધ કરે, પરંતુ જન્મ-મૃત્યુના સત્ય તે ઝૂટલાવી શકે તેમ નથી. આયુષ્યની બાબતે એ હજી વધુ લાંબુ આયુષ્ય મેળવી શકે. પરંતુ એ પણ ભોગી નહીં યોગી બને તો જ શક્ય છે, કારણ કે મોટા ભાગના રોગ ભોગની અતિશયોક્તિ ને કારણે જ ઉદભવે છે.

**ઈક દિન બીક જાયેંગે,**
**માટી કે મોલ..**
**જગ મેં રહ જાયેંગે,**
**પ્યારે તેરે બોલ..**
**દૂજે કે હોંઠો કો,**
**દેકર અપને ગીત..**
**કોઈ નિશાની છોડ,**
**ફિર ઈસ દુનિયા સે ડોલ..**
**અનહોની પથમે કાંટે,**
**લાખ બિછાયે..**
**હોની તો ફિર ભી,**
**બિછડા યાર મિલાયે...**
**પરદે કે પીછે બેઠી,**
**સાવલી ગોરી.**
**થામ કે તેરે મેરે,**
**મન કી ડોરી..**
**ગોરી સે નૈના જોડ,**
**ફિર ઈસ દુનિયા સે ડોલ..**

તો અહીંથી દરેકે દરેકને એક દિવસ જવાનું જ છે, તો જીવન રહેતા કંઈક સારું કાર્ય કરીને જઈએ માત્ર રૂપિયા પૈસા ભેગા કરવામાં કે, તેને વાપરવામાં જીવન જાય એ જીવનનું કોઈ મૂલ્ય નથી. કવિ લખે છે તેમ એક દિવસ આ દેહ માટીમાં ભળી જવાનો છે, પણ જો તે કંઈક વિશેષ કાર્ય કર્યું હશે તો તારા બોલ આ જગમાં રહી જશે, એટલે કે કાર્ય અહીં રહી જાય છે. ગીતમાં આગળ વીરના લક્ષણ બતાવાયા છે તેમજ મુખ્ય આધ્યાત્મને પણ ગોરીના સંદર્ભથી જોડવામાં આવ્યું છે. ત્રેતાયુગમાં રામના જીવન સાથે જોડાયેલા સૌ કોઈનાં જીવન ,દ્વાપરમાં કૃષ્ણના જીવન સાથે જોડાયેલા સૌ કોઈના જીવન આજે પણ આપણે યાદ કરીએ છીએ, એનું કારણ છે તેમણે માનવજાત માટે કરેલા વિશેષ કર્મો. એટલે દૂર ના જઈએ તો તુલસી, મીરાં, કબીર, નરસિંહ, જલારામ બાપા, ગંગા સતી, અમર માં, ચેલૈયો, અને ભારતભરના સંતો એ માનવજાતના ઉદ્ધાર માટે, અથવા તો માનવીએ આવું જીવન જીવવું જોઈએ, એ માટે માર્ગદર્શક બન્યાં, અને આપણે તેને આજ સુધી આદરપૂર્વક યાદ કરીએ છીએ. પરંતુ આપણે પણ એવું કંઈક કરવું જોઈએ એવું આપણને યાદ રહેતું નથી, કારણ કે ભોગની માનસિકતા બની ગઈ છે.હજી પણ થોડા નજીક આવી એ તો આજથી આઝાદી સમયનાં ઈતિહાસમાં પણ ભારતમાં કેટલા બધા કર્મ યોદ્ધાઓ પાક્યા, અને એને કારણે જ આપણે આજે આ ધરા પર સ્વતંત્ર શ્વાસ લઈ શકીએ છીએ. જરાક વિચારીએ તો કે આજ સુધી આપણે શું કર્યું? વિશેષ કહી શકાય એવું કંઈ કાર્ય કર્યું છે ખરું? મોટેભાગે પરિવારના પોષણ અને તેમનું ભવિષ્ય સલામત રહે એ માટેના પ્રયત્નો કર્યા હશે, એ પણ બધું જરૂરી છે પરંતુ માત્ર ને માત્ર એ જ જરૂરી નથી. કંઈક તો એવું કરવું જોઈએ કે જેનાથી આપણા ન હોઈએ છતાં પણ લોકો આપણને ગૌરવપૂર્વક યાદ કરે. કલાક્ષેત્રે ઘણાએ પ્રવીણતા મેળવી હશે, અને એ પણ સારુ છે. એટલે કે લોકો એમની કલાથી પણ ઓળખે, કારણ તેમણે ઉત્કૃષ્ટ મનોરંજન પૂરું પાડ્યું. મોટેભાગે પહેલાની ફિલ્મો કંઈક સારો સંદેશ દેવા માટે બનતી હતી.પરંતુ માનવી ફિલ્મ માત્ર મનોરંજનનો હેતુ સાર્થક કરી, એને ભૂલી જાય છે. એ જ રીતે ખૂબ જ ઉત્તમ કહી શકાય એવા પુસ્તકો પણ પ્રાપ્ત થયાં, વાંચીએ ત્યારે ખૂબ સારું લાગે, પરંતુ પછી પાછા હતા તેવા ને તેવા. માનવીય માનસિકતા સુધારવા પૂજ્ય બાપુ જેવા શુદ્ધ પુરુષ સમાજમા જનજાગૃતિની પ્રવૃત્તિ ચલાવે છે. ડોંગરેજી બાપાને પણ આપણે એ રીતે યાદ કરીએ છીએ, પાંડુરંગ દાદા પણ સ્વાધ્યાય પ્રવૃત્તિ માટે યાદ આવે, આ બધા જ કંઈકને કંઈક વિશેષ કાર્ય કરીને ગયા. પરંતુ સતત સ્મૃતિમાં રહેતું ન હોવાથી, આપણે એવું જીવન જીવવા વિશે વિચારી શકતા નથી, અને તેથી જ કંઈ વિશેષ કર્યા વગર દુનિયામાંથી વિદાય લઈએ છીએ.

માનવજાત ઉપરાંત પર્યાવરણ પ્રેમીઓ પણ ઘણા બધા થઈ ગયાં, અને તેણે પર્યાવરણ બચાવવા, તેમ જ પશુ-પક્ષીની સલામતી માટેના પણ પ્રયત્નો કર્યા. ભોગની માનસિકતા બદલવીને કંઈક વિશેષ કાર્ય કરીને જવું હોય તો સમય આપણને હજી તક આપી રહ્યો છે, અને જીવન રહેતા જીવનમાં કંઈક એવું કરીને જઈએ કે, જેમ આપણે ન હોઈએ, ત્યારે પણ લોકો યાદ કરે, અને મનુષ્ય દેહનું આ ધરતી પર આવવું સાર્થક થાય. બાહ્ય પ્રકૃતિ અને આંતરિક પ્રકૃતિમાં સંતુલન રહે, તો માનવી પોતાનાથી કાંઈક વિશેષ વિચારી શકે, નહિં તો જિંદગીભર આ અસંતુલન એને અશાંત રાખે છે, અને શાંતિ માટે તે અવનવા પ્રયોગ કરે છે. મોટે ભાગે તો તેના પ્રયોગ ભોગ સંદર્ભે જ હોય છે કે, આમાં સુખ મળશે, શાંતિ મળશે, એવું વિચારીને તે એમાં પ્રવૃત્ત રહે છે. તો બાહ્ય પ્રકૃતિને આંતરિક પ્રકૃતિમાં સંતુલન જળવાઈ રહે એ માટે અંતઃકરણ ચતુષ્કોણના ચારે ખૂણા સંતુલિત હોવા જોઈએ, અને તો જ બાહ્ય અને આંતરિક પ્રકૃતિમા સંતુલન સાધી શકાય, જેથી કરીને અશાંતિ માંથી બહાર આવી શાંતિ તરફ આગળ વધીએ, અને કંઈક તો વિશેષ કાર્ય કરીને અહીંથી વિદાય લઈએ, એવો એક શિવ સંકલ્પ પણ મનમાં ગાંઠ બાંધીને કરીએ, જેથી કરીને આપણે ન હોઈએ ત્યારે પણ આપણને લોકો યાદ કરે. બડે ભાગ માનુષ તનુ પાવા, બહુ ભાગ્યશાળી હોય તેનેજ માનવદેહ મળતા હોય છે. તો આ દેહની સાચી કિંમત અને તેને વધુ વિશેષ બનાવવા માટે કંઈક કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

### સંસારને છોડીને ક્યાં જશો? સંસારને છોડવાની જરૂર નથી, વિષયોનો મોહ છોડવાની જરૂર છે

# વૈરાગ્યની ભક્તિ રડે છે, ભોગ ભક્તિમાં બાધક છે, સંયમ અને સદાચારને વધારશો તો ભક્તિમાં આનંદ આનંદ આવશે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ધીરે ધીરે સંયમને વધારો, વૈરાગ્યને વધારો ત્યારે ઈશ્વર સેવામાં, ધ્યાનમાં અનેરો આનંદ આવશે. હૃદયમાં કોઈ વાસના નહીં રહે તો ભક્તિમાં આનંદ આવશે. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ભગવાનને અર્પણ કરવી તે ભક્તિ**

લોકો સમજે છેકે ભક્તિમાર્ગ તદ્દન સહેલો છે. હા,સહેલો છે, ને અઘરો પણ છે. સવારમાં ભગવાનની પૂજા માં બેસવું સહેલું છે, પણ ઈશ્વરને આખો દિવસ માટે ભૂલી જવો એ ભક્તિ નથી. ચોવીસ કલાક ઈશ્વર નું સ્મરણ રહે તે ભક્તિ.એ અઘરું છે. ભક્તિમાં આનંદ છે, પણ મનુષ્ય શરીરથી ભક્તિ કરે છે, મનથી ભક્તિ કરતો નથી.વાણી ભગવાનના નામનો ઉચ્ચાર કરે, પણ મન ભગવાનનું સ્મરણ ન કરે તેનો કાંઈ અર્થ નથી. મન સંસારના વિષયોમાં અને શરીર ઠાકોરજીની સેવામાં હોય, તો સેવામાં આનંદ આવશે નહીં. સેવામાં ક્રિયા મુખ્ય નથી, ભાવ મુખ્ય છે. સેવા ક્રિયામાં નથી, ભાવનામાં છે. સર્વ વિષયને મનમાંથી હટાવે તો સેવામાં આનંદ આવશે. સેવા કરવા બેસો ત્યારે પ્રથમ એવી જ ભાવના કરો કે, સેવા કરવા છતાં પણ ભગવાનનાં દર્શન ન થાય તો આપણો જ દોષ. સેવા કરનારને સેવા કરી રહ્યા પછી મારું દુઃખ ગયું, મારું પાપ ગયું, મારું દરિદ્ર ગયું, હું કૃતાર્થ થયો, એવી જ ભાવના થવી જોઈએ. સેવા કર્યા પછી આ ભાવ ન થાય તો સેવાપૂજામાં આનંદ મળતો નથી. પરમાત્મા પ્રત્યે પ્રેમ કેળવવો હશે, તો વિષયનો પ્રેમ છોડવો પડશે. જગતનો સંબંધ મનથી ન છોડો ત્યાં સુધી બ્રહ્મસંબંધ થતો નથી. ધીરે ધીરે સંસારના વિષયોનો મોહ છોડી દેજો. સંસારને છોડીને ક્યાં જશો? સંસારને છોડવાની જરૂર નથી. વિષયોનો મોહ છોડવાની જરુર છે. ધીરે ધીરે સંયમને વધારો, વૈરાગ્યને વધારો ત્યારે ઈશ્વર સેવામાં, ધ્યાનમાં અનેરો આનંદ આવશે. એક વખત એક ચોબાજી મથુરા થી ગોકુળ જવા નીકળ્યા. યમુનાજીમાં હોડી વાટે જવાનું હતું. ચોબાજી ભાંગના નશામાં હતા. હોડીમાં બેઠા અને હલેસાં મારવા લાગ્યા. બાહુબળ ઉપર પૂર્ણ વિશ્વાસ. બોલવા લાગ્યા, નાવ અભી પહુંચ જાયગી. અભી ગોકુળ આ જાયગા! ચોબાજીએ આખી રાત નાવ ચલાવી. સવાર પડ્યું. ચોબાજી વિચારવા લાગ્યા, આ મથુરા જેવું વળી કયું ગામ આવ્યું? ૫ કોઈને પૂછ્યું, આ કયું ગામ? ઉત્તર મળ્યો, મથુરા. નશો ઊતર્યો ત્યારે ચોબાજીને પોતાની મૂર્ખતા = સમજાઈ. નાવ દોરીથી ઘાટ સાથે બાંધેલી હતી. નશાની અસરમાં નાવને બાંધેલી દોરી છોડવાનું ભૂલી ગયેલા. આખી રાત નાવ ચલાવી, પણ હતા ત્યાંના ત્યાં!તમને હસાવવા માટે કહેતો નથી. આ કથા ચોબાજીની નથી, આપણા સર્વની છે. ઈન્દ્રિયસુખનો નશો દરેકને ચડેલો છે. પૈસાના નશામાં મનુષ્ય મંદિરમાં જાય છે. નશામાં ને નશામાં ઠાકોરજીના સ્વરૂપનું મનથી ચિંતન કરતો નથી, તેને તેથી ભગવાનના દર્શનમાં આનંદ આવતો નથી.

આ વાસના રૂપી દોરીથી વિષયોમાં બંધાયેલી ઈન્દ્રિયોને છોડાવવાની છે. વાસના દોરીને ન છોડો ત્યાં સુધી આગળ વધાતું નથી. વાસના રૂપે દોરીની જીવની ગાંઠ આ સંસાર સાથે બંધાયેલી છે, તે છોડવાની છે. હૃદયમાં કોઈ વાસના નહીં રહે તો ભક્તિમાં આનંદ આવશે. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ભગવાનને અર્પણ કરવી તે ભક્તિ. વૈરાગ્યની ભક્તિ રડે છે, ભોગ ભક્તિમાં બાધક છે. સંયમ અને સદાચારને વધારશો તો ભક્તિમાં આનંદ આનંદ આવશે. વૈરાગ્યને ઘરમાં જ કેળવો. વૈરાગ્ય વગર જ્ઞાન અને ભક્તિની શોભા નથી. જ્ઞાન અને વૈરાગ્ય સાથે ભક્તિ વધે, તો ઈશ્વરનો સાક્ષાત્કાર થાય. જ્ઞાનમાર્ગમાં ઈન્દ્રિયોનો નિરોધ કરવાનો હોય છે. ભક્તિમાર્ગમાં ઈન્દ્રિયોને પ્રભુમાર્ગમાં વાળવાની હોય છે. સુગંધની ઈચ્છા થાય, તો ઠાકોરજીને ફૂલ અર્પણ કરી પછી તેની સુવાસ લો. બ્રહ્મસંબંધને સતત ટકાવવાથી જીવાત્માનું જ્ઞાન દ્વૈતભાવથી ભરેલું છે.

પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અદ્વૈત ભાવઉથી ભરેલું છે કલ્યાણ થાય છે. ઉત્તમમાં ઉત્તમ તત્ત્વ અદ્વૈત તત્ત્વ છે. વ્યવહારના સ્વરૂપનું છે. વ્યવહારના જ્ઞાનમાં જ્ઞાતા અને જ્ઞેય જુદા છે. પરમાત્માનું જ્ઞાન થાય એટલે જ્ઞાતા અને જ્ઞેય એક બને છે. સેવા સ્મરણ કરતાં તન્મયતા થાય છે,ઈશ્વરનો અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે. તેથી તે જીવ ઈશ્વરમાં મળી જાય છે. તે પછી તે એમ કહી શકતો નથી કે હું ઈશ્વરને જાણું છું.એમ કહી શકતો નથી કે, હું ઈશ્વરને જાણતો નથી. પછી કંઈ કહેવાપણું રહેતું નથી. ગોપી સર્વમાં શ્રીકૃષ્ણને નિહાળી જીવભાવ ભૂલી ગઈ હતી લાલાની લાલી જોવા ગઈ ને હું યે લાલ લાલ થઈ ગઈ.આ ગોપી ઓનો મનોભાવ છે.આ શુદ્ધ અદ્વૈત છે. ત્યાં હું નથી કે તું નથી. હું કે તુંનું અસ્તિત્વ જ રહેતું નથી. શ્રીકૃષ્ણના સ્વરૂપનું જેને બરાબર જ્ઞાન થાય તે ઈશ્વરથી જુદો રહી શકતો નથી.સર્વમાં ઈશ્વરને જોનારો પોતે ઈશ્વર બને છે ત્યાં અદ્વૈત સધાય છે. જીવનો જીવભાવ ન જાય ત્યાં સુધી અપરોક્ષાનુભવ ન થાય. આનું નામ અદ્વૈતનું જ્ઞાન. જીવ અને બ્રહ્મનું અદ્વૈત પછી સિદ્ધ થાય છે.તે પહેલાં જીવ અને ગુરુનું અદ્વૈત સિદ્ધ થવું જોઈએ.મનથી એક થવાનું છે, શરીરથી નહીં. ત્રીજા અધ્યાયમાં ચોવીસ અવતારોની કથા કહી છે. શુદ્ધ બ્રહ્મ માયાના સંસર્ગ વિના અવતાર લઈ શકે નહીં. સો ટચનું સોનું એટલું શુદ્ધ હોય છે કે, તેના થી ઘાટ ઘડી શકાય નહીં. ઘાટ ઘડવા તેમાં બીજી ધાતુ ઉમેરવી પડે છે તેમ પરમાત્મા પણ માયાનો આશ્રય કરી પ્રગટ થાય છે, પણ ઈશ્વરને તે માયા બાધક થતી નથી, જીવને માયા બાધક થાય છે. ભગવાન પ્રત્યે પ્રેમ વધારવા ભગવાનના અવતારોની કથા સાંભળો.

ધર્મનું સ્થાપન કરવા અને જીવોના ઉદ્ધાર કરવા પરમાત્મા અવતાર ધારણ કરે છે. ઠાકોરજીનો અવતાર તમારા ઘરમાં થવો જોઈએ, મંદિરમાં નહીં. માનવ શરીર એ ઘર છે, અને એ જ મંદિર છે. પહેલો અવતાર સનતકુમારોનો, તે બ્રહ્મચર્યનું પ્રતીક છે. કોઈ પણ ધર્મમાં બ્રહ્મચર્ય પ્રથમ આવે છે. બ્રહ્મચર્યથી મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર પવિત્ર થાય છે. બ્રહ્મચર્યનું પાલન કરવાથી અંતઃ કરણ શુદ્ધ થાય છે. પહેલું પગથિયું છે બ્રહ્મચર્ય. બીજો અવતાર વરાહનો. વરાહ એટલે વર. આહ એટલે શ્રેષ્ઠ દિવસ. જે દિવસે સત્કર્મ થાય તે દિવસ શ્રેષ્ઠ. સત્કર્મમાં લોભ નડે છે. લોભને સંતોષથી મારવો. વરાહ અવતાર સંતોષનો અવતાર છે. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માનો. લોભને મારી પ્રભુ જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ માનવો, એ વરાહનું અવતારનું રહસ્ય છે. ત્રીજો અવતાર નારદજીનો.એ ભક્તિનો અવતાર છે. બ્રહ્મચર્ય પાળે અને પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખે, તેને નારદ એટલે ભક્તિ મળે. નારદજી ભક્તિના આચાર્ય છે. ચોથો અવતાર નર-નારાયણનો. ભક્તિ મળે એટલે ભગવાનનો સાક્ષાત્કાર થાય. ભક્તિ દ્વારા ભગવાન મળે છે, પણ ભક્તિ જ્ઞાન-વૈરાગ્ય વિના દઢ થાય નહીં. ભક્તિ સાથે જ્ઞાન-વૈરાગ્ય જોઈએ એટલે પાંચમો અવતાર કપિલદેવ નો એટલે કે જ્ઞાન-વૈરાગ્યનો. ભક્તિ જ્ઞાન-વૈરાગ્ય સાથે હશે તો કાયમને માટે રહેશે. છઠ્ઠો અવતાર દત્તાત્રેયનો. ઉપરના પાંચગુણો બ્રહ્મચર્ય, સંતોષ, ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય તમારામાં આવશે તો તમે ગુણાતીત થશો. તમે આત્ર થશો તો ભગવાન તમારે ત્યાં આવશે આ છ અવતારો બ્રાહ્મણ માટેના.તે બ્રાહ્મણ ધર્મનો આદર્શ બતાવે છે. સાતમો અવતાર પક્ષનો, આઠમોઅવતાર ઋષભદેવનો, નવમો પૃથુરાજાનો, દસમો મત્સર નારાયણનો. આ ચાર અવતારો ક્ષત્રિયો માટેના છે. તે ક્ષાત્રધર્મનો આદર્શ બતાવે છે. અગિયારમો અવતાર કૂર્મનો.બારમો અવતાર ધન્વંતરીનો,તેરમો અવતાર મોહિ ની નારાયણનો. આ અવતાર વૈશ્ય માટેના છે.

### અનિલ કપૂર સ્ટ્રિક્ટ ડાયટ ફોલો કરે છે

# પિતા ક્યારેક-ક્યારેક ડાયટથી ભટકી જાય છે : સોનમ કપૂર

## દિગ્ગજ ફિલ્મ અભિનેતા અનિલ કપૂરને અવાર-નવાર તેની ફિટનેસને લઈને ઘણા પ્રશ્નો પૂછવામાં આવે છે

અનિલ કપૂર હવે ૬૮ વર્ષના છે પરંતુ તેમની ફિટનેસ પરથી તેમની ઉંમરનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. અનિલ કપૂરને વારંવાર આ સવાલ પૂછવામાં આવે છે કે તે આટલો ફિટ કેવી રીતે છે? હવે તેની પુત્રી સોનમ કપૂરે પોતે તેના પિતાની ફિટનેસનું રહસ્ય જાહેર કર્યું છે. આ સાથે તેણે તેના કાકા બોની કપૂર અને સંજય કપૂરનો પણ ઉલ્લેખ કર્યો છે. એક ઈન્ટરવ્યુમાં સોનમને અનિલ કપૂરની ફિટનેસ વિશે પૂછવામાં આવ્યું હતું. આના જવાબમાં તેણે કહ્યું કે, અનિલ કપૂર ન તો પીવે છે કે ન તો ધૂમ્રપાન (ન તો દારૂ કે ન સિગારેટ) કરે છે. સોનમના કહેવા પ્રમાણે અનિલ કપૂર એવું કંઈ નથી કરતા જેનાથી તેના શરીરને કોઈ નુકસાન થાય. વાતચીત દરમિયાન સોનમ કપૂરે તેના કાકાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેણે બોની કપૂર વિશે કહ્યું- 'બોની કાકાને સુખી જીવન જીવવું ગમે છે. તેને ખાવા અને પીવાનો ખૂબ જ શોખ છે. ઈન્ટરવ્યુમાં સોનમ કપૂરે જણાવ્યું કે, જ્યારે તેના પિતા સ્ટ્રિક્ટ ડાયટ ફોલો કરે છે, તો સંજય કપૂર સાધારણ જીવન જીવે છે. સોનમે આગળ કહ્યું- 'સંજય કાકા વચ્ચેના છે, પરંતુ ત્રણેય ખૂબ જ સ્વસ્થ અને સારા દેખાઈ રહ્યા છે.' સોનમે અનિલ કપૂરની ફિટનેસનો શ્રેય પણ તેની માતાને આપ્યો છે. તેણે કહ્યું કે, પિતા ક્યારેક-ક્યારેક ભટકી જાય છે, પરંતુ માતા તેને ઈન્ડિયન વાઈફની જેમ ઠપકો આપીને કંટ્રોલ કરે છે. અનિલ કપૂરના લેટેસ્ટ પ્રોજેક્ટની વાત કરીએ તો તેમાં 'ફાઈટર' અને 'એનિમલ' જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. તેણે રણબીર કપૂરની 'એનિમલ'માં મહત્વની ભૂમિકા ભજવી હતી. 'એનિમલ'એ બોક્સ ઓફિસ પર બમ્પર કમાણી કરી હતી. આ મુવીમાં વર્લ્ડવાઈડ અંદાજે ૯૧૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. 'ફાઈટર'માં અનિલ કપૂર સાથે દીપિકા પાદુકોણ અને રિતિક રોશન લીડ રોલમાં જોવા મળ્યા હતા. જ્યારે સોનમ કપૂર છેલ્લે ૨૦૨૩માં આવેલી ફિલ્મ 'બ્લાઈન્ડ'માં જોવા મળી હતી. આ મુવીમાં તેણે એક કેરેક્ટર ભજવ્યું છે જે જોઈ શકતી નથી.



# અજય દેવગનનું શૈતાનનું ડરામણું પોસ્ટર રિલીઝ

## પોસ્ટરમાં અજય દેવગન ડરેલો જોવા મળી રહ્યો છે, જ્યારે આર માધવનના ખુંખાર લુકે બધાનું ધ્યાન પોતાની તરફ ખેંચી લીધુ છે


બોલિવૂડ એક્ટર અજય દેવગનની ફિલ્મ અપકમિંગ હોરર થ્રિલર 'શૈતાન'ને લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ છે. આ મુવી આગામી મહિને મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થશે. થોડા દિવસો પહેલાં 'શૈતાન' મુવીનું ટીઝર લોન્ચ કર્યો હતુ. આ ટીઝરને લોકોએ ખૂબ પસંદ કર્યુ હતુ. હવે અજય દેવગને 'શૈતાન' મુવીના ટ્રેલરની પણ રિલીઝ ડેટની જાહેરાત કરી દીધી છે. આ સાથે ફિલ્મના લેટેસ્ટ પોસ્ટની ઝલક બતાવવામાં આવી છે. અજય દેવગને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર 'શૈતાન'નું એક નવુ પોસ્ટર શેર કર્યુ છે, જેમાં આર માધવન અને અજય દેવગનનો અડધો-અડધો ચહેરો જોવા મળી રહ્યો છે. પોસ્ટરમાં અજય દેવગન ડરેલો જોવા મળી રહ્યો છે. જ્યારે આર માધવનના ખુંખાર લુકે બધાનું ધ્યાન પોતાની તરફ ખેંચી લીધુ છે. 'શૈતાન'નું નવુ પોસ્ટર શેર કરતા અજય દેવગને ટ્રેલરની રિલીઝ ડેટની જાણકારી આપી છે. અજય દેવગને કેપ્શનમાં લખ્યુ છે કે.. જલદી




હી શુરુ હોગી અચ્છાઈ ઔર બુરાઈ કી અસલી જંગ..શૈતાનનું ટ્રેલર કાલે એટલે કે ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ રિલીઝ થશે. શૈતાનમાં એક્ટ્રેસ જ્યોતિકા પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મમાં આર માધવનનો ખુંખાર ખલનાયકની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મના ડાયરેક્ટર વિકાસ બહલ છે અને આમાં અજય દેવગન લીડ રોલ પ્લે કર્યુ છે અને સાથે પ્રોડ્યુસર પણ છે. શૈતાન જિયો સ્ટૂડિયોઝ, અજય દેવગન ફિલ્મ્સ અને પેનોરમા સ્ટૂડિયોઝ ઈન્ટરનેશનલની પ્રસ્તુતિ છે અને આ દેવગન, જ્યોતિ દેશપાંડે, કુમાર મંગત પાઠક અને અભિષેક પાઠક દ્વારા નિર્મિત છે. આ ૮ માર્ચના રોજ રિલીઝ થશે. અજય દેવગનની આ વર્ષે બેક ટુ બેક અનેક ફિલ્મો રિલીઝ થશે. આ દિવસોમાં સિંઘમ અગેનના પ્રોડક્શનમાં વ્યસ્ત છે જેનું નિર્દેશન રોહિત શેટ્ટી કરી રહ્યા છે. સિંઘમ એક ફેમસ ફ્રેન્ચાઈઝ છે જેના અત્યાર સુધીમાં બે પાર્ટ બનીને રિલીઝ થઈ ગયા છે. બન્ને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી દીધી હતી. આ સિવાય અજય દેવગનની પાસે મૈદાન, ઔરોં મેં કહાં દમ થા, રેડ ૨, સન ઓફ સરદાર ૨, ધમાલ ૪ જેવી ફિલ્મો છે. આ ફિલ્મો એક પછી એક મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થશે.

# ફિલ્મ ૮ કરોડમાં બની અને ૭૩ કરોડ છાપ્યા

બોલીવુડની એવી ફિલ્મ, જે મહિના સુધી પરદા પરથી ઉતરી નહિ. ફિલ્મને જોવા ટિકિટ બારી પર લોકોની લાંબી લાંબી લાઈનો લાગે છે. બોલીવુડની આવી ફિલ્મની રીમેક સાઉથમાં પણ બને છે. કેટલીક ફિલ્મો બોક્સ ઓફિસ પર કમાલ કરે છે તો કેટલીક ફિલ્મો પીટાઈ જાય છે. મોટા બજેટ વાળી ફિલ્મો ખુબ મોટા પાયે રિલીઝ થાય છે. પછી ફિલ્મો સાઉથની હોય કે બોલીવુડની. વર્ષ ૨૦૧૮માં એક એવી જ ફિલ્મ રિલીઝ થઈ હતી, જેને મેકર્સને ખુબ માલામાલ કરી દીધા. વર્ષ ૨૦૧૮માં મેકર્સે માત્ર ૮ કરોડ રૂપિયાના ખર્ચે એક ફિલ્મ બનાવી હતી. આ ક્રાઈમ કોમેડી ફિલ્મે લોકોને ખૂબ હસાવ્યા અને ખૂબ રડાવ્યા. ફિલ્મ રિલીઝ થઈ અને મેકર્સની તિજોરી ભરાઈ ગઈ. ફિલ્મની અપાર સફળતા બાદ બોલિવૂડના નિર્માતાઓએ પણ ફિલ્મની રિમેક બનાવી, પરંતુ તેમના પ્રયાસો વ્યર્થ ગયા. જો તમે સિનેમાના શોખીન છો, તો તમને ફિલ્મ 'કોકો' એટલે કે કોલામાવુ કોકિલા યાદ હશે. આ કોમેડી-ક્રાઈમ ફિલ્મ ૨૦૧૮માં રિલીઝ થઈ હતી. ફિલ્મમાં 'લેડી સુપરસ્ટાર' નયનથારા જોવા મળી હતી. આ ફિલ્મનું દિગ્દર્શન નવોદિત નેલ્સન દિલીપ કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું અને લાઈકા પ્રોડક્શન્સ દ્વારા નિર્મિત કરવામાં આવી હતી. ફિલ્મ રિલીઝ થઈ અને પહેલા દિવસથી જ મેકર્સના ફેસ પર ખુશી આવી ગઈ. વાસ્તવમાં, આ ફિલ્મનું બજેટ માત્ર ૮ કરોડ રૂપિયા હતું, પરંતુ જ્યારે ફિલ્મ રિલીઝ થઈ ત્યારે મેકર્સના ખિસ્સામાં ઘણા પૈસા આવવા લાગ્યા. આ ફિલ્મે રિલીઝના પહેલા દિવસે ૪ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. આ ફિલ્મે ૭૩ કરોડનો જંગી બિઝનેસ કર્યો હતો. આ ફિલ્મ એક સાદી છોકરી પર આધારિત હતી, જે ડ્રગ માફિયાઓના હોશ ઉડાવી દે છે. જ્યારે આ ફિલ્મે



જોરદાર કમાણી કરી તો બોલિવૂડમાં પણ તેની રિમેકની ચર્ચાઓ શરૂ થઈ ગઈ. જ્યારે આ ફિલ્મ હિન્દીમાં તૈયાર કરવામાં આવી ત્યારે તેનું નામ 'ગુડ લક જેરી' રાખવામાં આવ્યું હતું. આ ફિલ્મમાં જહાન્વી કપૂરે મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મ પ્લેટફોર્મ ડિઝની હોટસ્ટાર પર રિલીઝ કરવામાં આવી હતી. પરંતુ ફિલ્મને સારો પ્રતિસાદ મળ્યો ન હતો.


# ટ્વિંકલે પુરુષોની તુલના પોલીથીન બેગ સાથે કરતાં કંગનાનો પિત્તો ગયો



કંગના રનૌત ઘણીવાર તેના સ્પષ્ટવક્તા અને નિવેદનોને કારણે હેડલાઈન્સમાં રહે છે. તે બી-ટાઉનથી લઈને રાજનીતિની દુનિયા સુધીના દરેક મુદ્દા પર ખુલીને બોલતી જોવા મળે છે. અભિનેત્રી સામાન્ય રીતે નેપોટિઝમ વિશે બોલતી જોવા મળે છે. આ વખતે કંગનાએ ટ્વિંકલ ખન્નાને ટાર્ગેટ કરી છે અને તેના નેપોટિઝમના દાવા પર આકરા પ્રહારો કર્યા છે. વાસ્તવમાં, કંગના રનૌતે ટ્વિંકલ ખન્નાના પોલીથીન બેગ સાથે પુરુષોની તુલના કરવાના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે. ઈન્સ્ટાગ્રામ પર ટ્વિંકલ ખન્નાના જૂના ઈન્ટરવ્યુની ક્લિપ શેર કરતા કંગનાએ લખ્યું - 'આ વિશેષાધિકૃત લોકો શું છે જેઓ તેમના પુરુષોને પોલિથીન બેગ કહે છે, શું તેઓ કુલ બનવાનો પ્રયાસ કરી રહ્યાં છે? કંગનાએ આગળ લખ્યું - 'ચાંદીની ચમચીથી જન્મેલા નેપો બાળકોને સોનાની થાળીમાં ફિલ્મી કરિયર મળી, પરંતુ તેઓ તેની સાથે બિલકુલ ન્યાય ન કરી શક્યા, માતૃત્વનો સ્વાર્થ પણ તેમના માટે ખુશી અને સંપૂર્ણ નથી પરંતુ તેમના કિસ્સામાં એક શ્રાપ જેવું લાગે છે. તેઓ ખરેખર શું બનવા માંગે છે? શાકભાજી? શું આ નારીવાદ છે? ટ્વિંકલ ખન્નાને એક જૂના ઈન્ટરવ્યુમાં પૂછવામાં આવ્યું કે તેને કેવી રીતે સમજાયું તે એક ફેમિનિસ્ટ છે. તેના પર ટ્વિંકલે કહ્યું હતું કે તેની માતા ડિમ્પલ કાપડિયાએ તેને મોટી થતાં શીખવ્યું હતું કે મહિલાઓને પુરુષોની જરૂર નથી. ટ્વિંકલે કહ્યું, 'અમે ક્યારેય નારીવાદ કે સમાનતા કે કોઈ પણ બાબતની વાત કરી નથી. પરંતુ તે ખૂબ જ સ્પષ્ટ હતું કે માણસની જરૂર નથી. ટ્વિંકલે કહ્યું હતું કે, 'એક માણસ હોવો ખૂબ સારુ હોચૃત, જેમ કે તમારી પાસે એક સરસ હેન્ડબેગ હશે.

# સંજય મિશ્રાને વાસણો ધોવા અને રસોઈ માટે દરરોજ ૧૫૦ રૂપિયા મળતા હતા


દિગ્ગજ અભિનેતા સંજય મિશ્રાએ હિન્દી ફિલ્મોમાં શાનદાર ઈનિંગ્સ રમી હતી, પરંતુ પ્રથમ વખતમાં સફળતા ન મળતાં આ અભિનેતાએ નિરાશ થઈને ઈન્ડસ્ટ્રી છોડવાનો નિર્ણય લીધો હતો. સંજય મિશ્રાને બોલિવૂડમાં ભલે સુપરસ્ટાર સ્ટારડમ ન મળ્યું હોય, પરંતુ તે એક સારા અભિનેતા તરીકે પોતાને સ્થાપિત કરવામાં સફળ રહ્યો છે. કેરેક્ટર આર્ટિસ્ટ તરીકે ખ્યાતિ મેળવનાર સંજય મિશ્રાએ ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, ખ્યાતિ એક એવી વસ્તુ છે, જેના માટે તેણે ક્યારેય કામ કર્યું નથી. અભિનેતાના મતે, એક વાસ્તવિક કલાકારનું કામ તેની કલા દ્વારા દર્શકોના દિલમાં સ્થાન બનાવવાનું છે. સંજય મિશ્રાએ પોતાના ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, તે પોતાની કળા પોતાના દર્શકોને આપે છે અને જો દર્શકો તેની કળાને માન આપે છે તો તે એક અભિનેતા તરીકે સફળ છે. અભિનેતાના કહેવા પ્રમાણે, તેને તેના કામથી સંતોષ મળે છે અને તે તેનાથી ખુશ છે. તે પોતાની કારકિર્દી માટે પોતાનું જીવન બલિદાન આપવા માંગતો નથી, બલ્કે તે પોતાનું જીવન મુક્તપણે જીવવા માંગે છે અને તેનો આનંદ માણવા માંગે છે. આજે નામ અને ફેમ ન જોતા સંજય મિશ્રાનું જીવન પ્રત્યે હંમેશા આવું વલણ નહોતું. અભિનેતાના જીવનમાં એક એવો સમયગાળો આવ્યો, જ્યારે ફિલ્મોમાં કામ ન મળવાથી નિરાશ થઈને અભિનેતાએ ઈન્ડસ્ટ્રી છોડવાનો નિર્ણય લીધો હતો. તે પ્રવાસ સંજય મિશ્રાના જીવનનો સૌથી મુશ્કેલ સમય હતો. અભિનેતાએ તેના જૂના ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે, તે જ્યારે મુંબઈમાં હતો ત્યારે તે ગંભીર રીતે બીમાર પડ્યો હતો. પેટમાં ઈન્ફેક્શનના કારણે અભિનેતાની હાલત ખરાબ થઈ ગઈ હતી. હિન્દુસ્તાન ટાઈમ્સને આપેલા એક ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું હતું કે, 'હું બિલકુલ મારી મૃત્યુશૈયા પર હતો, મારા પિતા સાથે થોડા દિવસો રહ્યો અને પછી અચાનક મારા પિતાનું અવસાન થયું હતું. તેમના જવાથી હું વ્યથિત થઈ ગયો હતો.



# એક જ બિલ્ડિંગમાં રહેતા હતા, રકુલ પ્રીતે જેકીની સાથે કર્યા લગ્ન

## રકુલ પ્રીત સિંહનો જન્મ ૧૦ ઓક્ટોબર ૧૯૯૦ના રોજ નવી દિલ્હીમાં પંજાબી શીખ પરિવારમાં થયો હતો

બોલિવૂડના ફેમસ કપલ રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાની આજે લગ્નના બંધનમાં બંધાય ચૂક્યા છે. બંનેએ રીતિ રિવાજ મુજબ ગોવામાં લગ્ન કર્યા છે. ઘણા વર્ષોથી એકબીજાને ડેટ કરી રહેલા રકુલ અને જેકીની પ્રી-વેડિંગ સેરેમની પણ ગોવામાં યોજાઈ હતી, આ લગ્ન સમારોહમાં ફક્ત પરિવારના સભ્યો અને નજીકના મિત્રો જ હાજર રહ્યા હતા. રકુલ પ્રીતના પિતા આર્મી ઓફિસર હતા. તેની માતા રાજેન્દ્ર કૌર અને પિતા કુલવિંદર છે.તેનો નાનો ભાઈ અમન પ્રીત ફિલ્મ રામ રાજ્યથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું છે. અભિનેત્રી હૈદરાબાદમાં રહે છે અને મુંબઈમાં પણ ઘર છે. રકુલ પ્રીત સિંહનો જન્મ ૧૦ ઓક્ટોબર ૧૯૯૦ના રોજ નવી દિલ્હીમાં પંજાબી શીખ પરિવારમાં થયો હતો. રકુલે તેનો અભ્યાસ આર્મી પબ્લિક સ્કૂલ, ધૌલા કુઆનમાંથી પૂર્ણ કર્યું હતું અને બાદમાં જીસસ એન્ડ મેરી કોલેજમાં ગણિતમાં ડિગ્રી પૂર્ણ કરી હતી રકુલ પ્રીત સિંહે કન્નડ ફિલ્મ ગિલ્લી (૨૦૦૯) થી કરિયરની શરૂઆત કરી હતી. તે કેરાતમ (૨૦૧૧), થડૈયારા થાક્કા (૨૦૧૨) અને વેંકટાદ્રી એક્સપ્રેસ (૨૦૧૧૩) ફિલ્મો સાથે તેલુગુ અને તમિલ સિનેમામાં પ્રવેશ કર્યો. તે લૌક્યમ (૨૦૧૪), પંડાગા ચેસ્કો (૨૦૧૫), સરૈનોડુ (૨૦૧૬), ધ્રુવા (૨૦૧૬), નન્નાકુ પ્રેમથો (૨૦૧૬), સ્પાયડર (૨૦૧૭) સહિત તમિલ અને તેલુગુમાં ઘણી ફિલ્મોમાં જોવા મળી હતી. અભિનેત્રી કોમેડી ડ્રામા યારિયાં (૨૦૧૪) થી હિન્દી સિનેમામાં પ્રવેશ કર્યો. જેમ કે રોમેન્ટિક કોમેડી દે દે પ્યાર દે (૨૦૧૯), રનવે ૩૪ (૨૦૨૨), અને ડોક્ટર જી (૨૦૨૨)માં જોવા મળી હતી. અભિનેત્રી તેલંગાણા સરકાર દ્વારા બેટી બચાવો, બેટી પઢાવો કાર્યક્રમના બ્રાન્ડ એમ્બેસેડર પણ રહી ચૂકી છે. લોકો રકુલ અને જેકીના લગ્નના ફોટાની રાહ જોઈ રહ્યા છે. રકુલે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તે જેકીની પાડોશી હતી પરંતુ તેને એ પણ ખબર નહોતી કે જેકી સામેના ઘરમાં રહે છે.લોકડાઉન દરમિયાન મળ્યા હતા.ત્યારબાદ બંન્ને વચ્ચેની



મિત્રતા વધતી ગઈ હતી. ૨૦૨૧માં કપલે તેના સંબંધો ઓફિશિયલ કર્યા હતા. આ કપલની લવ સ્ટોરી ગોવામાં શરૂ થઈ હતી અને તેથી બંને ઈચ્છે છે કે તેમના લગ્ન ગોવામાં જ થાય. તમને જણાવી દઈએ કે રકુલ અને જેકીના લગ્ન ગોવામાં ઈકો ફ્રેન્ડલી રીતે થયા છે. બંને પોતાના લગ્ન માટે ખૂબ જ ઉત્સાહિત છે. જેકી ભગનાની બોલિવૂડ ઈન્ડસ્ટ્રીનું જાણીતું નામ છે. તેણે માત્ર પડદા પર પોતાની અભિનય કૌશલ્ય જ નથી દેખાડી પરંતુ તે ફિલ્મોનું નિર્માણ પણ કરે છે. ૨૫ ડિસેમ્બર ૧૯૮૪ના રોજ કોલકાતામાં જન્મેલા જેકી ફિલ્મ નિર્માતા વાસુ ભગનાનીનો પુત્ર છે. જેકી હવે સ્ક્રીનથી દૂર છે,

## આમની લવ સ્ટોરી ગોવામાં શરૂ થઈ હતી





રકુલ પ્રીત સિંહ આછા ગુલાબી રંગના લહેંગામાં રાજકુમારી જેવી લાગી રહી છે, જ્યારે જેકી ભગનાની સફેદ શેરવાનીમાં ખૂબ જ હેંડસમ લાગી રહ્યો છે. આ ફોટોમાં જેકી ભગનાની રકુલ પ્રીત સિંહને સિંદૂર લગાવતો જોવા મળી રહ્યો છે, જ્યારે બીજા ફોટોમાં બંને ખૂબ ખુશ જોવા મળી રહ્યા છે. બંનેએ ઈન્સ્ટાગ્રામ પર લગ્નની તસવીરો શેર કરી છે. પોસ્ટની સાથેના કેપ્શનમાં લખ્યું છે, 'હવે તમે કાયમ માટે મારા છો.' ફેન્સ ફોટા પર કોમેન્ટ કરીને અભિનંદન આપી રહ્યા છે. રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાનીએ પંજાબી અને સિંધી રીતિ-રિવાજ મુજબ લગ્ન કર્યા હતા. આ કપલના લગ્નમાં ફિલ્મી દુનિયાના તમામ સ્ટાર્સે હાજરી આપી હતી. રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાની લગભગ ૨ વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા હતા. ગોવામાં આઈટીસી ગ્રાન્ડ સાઉથ ખાતે આ કપલે લગ્ન કર્યા હતા. તમે ટૂંક સમયમાં રકુલને ફિલ્મ 'ઈન્ડિયન ૨'માં જોશો, જ્યારે જેકી ભગનાની તેના પ્રોડક્શન હાઉસના બેનર હેઠળ બનેલી ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'ની રિલીઝની રાહ જોઈ રહ્યા છે, જે આ વર્ષે ઈદ પર રિલીઝ થશે.

## વિશ્વકર્મા જયંતિ મુનપુર ૨૦૨૪.....



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના મુનપુ ર મુકામે દર વર્ષ ની જેમ આ વર્સે પણ મહા સુદ તેરસને ગુરુવાર ના રોજ ઉત્સાહભેર વિશ્વકર્મા દાદા ની કથાનો પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો. શ્રી ભરતભાઈ એ.પંડ્યા દ્વારા યજમાન શ્રી ચંદુભાઈ એન.પંચાલ ને ઘેર કથા કરવામાં આવી હતી કથા ના અંતે ભોજન પ્રસાદીનું આયોજન કરવામાં આવેલ હોઈ ત્યાર બાદ સૌ ભક્તો દાદા ના આશીર્વાદ લઈ છુટા પડ્યા હતા.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરતા માંગરોળ તાલુકાના આકડોદ ગામના ગ્રામવાસીઓ

### કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ

। (માહિતી) સુરત, તા.૨૨ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓના લાભો ગામે ગામ સુધી પહોંચે તેવા આશયથી સુરતના માંગરોળ તાલુકાના આકડોદ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચ્યો હતો. જ્યાં ગ્રામજનો દ્વારા સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે વિવિધ શાખાઓના અધિકારી, કર્મચારી દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની પોષણ અભિયાન, પી.એમ કિસાન વય યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી માટેની યોજનાઓ જેવી વિવિધ વિભાગોની યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સમાપનના અવસરે મહાનુભવોના હસ્તે સરકારશ્રીની વિવિધ



કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ શ્રીમતી જશુબેન,ઉપસરપંચશ્રી ઈબ્રાહિમ કાજી, પાણી પુરવઠાનાશ્રી ચૈતન્યભાઈ, તલાટીશ્રી મયંકભાઈ, મુખ્ય શિક્ષક, ગામના સભ્યશ્રી અને આગેવાનો, આંગણવાડી કાર્યકર,આરોગ્ય સ્ટાફ અને અન્ય વિભાગના અધિકારી, ગ્રામ પંચાયતના સભ્ય સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો, લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી સૌરાષ્ટ્રના નાગરિકોને રૂ. ૩૮૮૨ કરોડના નેશનલ હાઈવેના વિકાસ-કામોની આપશે ભેટ

### રૂ. ૧૫૫૪ કરોડના ખર્ચે સામખીયાળી-સાંતલપુર વચ્ચે બનનારા સિક્સ લેન નેશનલ હાઇવેનું ખાતમુહૂર્ત

। (માહિતી) રાજકોટ, તા.૨૨ ।

રાષ્ટ્રીય ધોરીમાર્ગો દેશની આર્થિક કરોડરજ્જુ છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગોનો વિકાસ જે-તે વિસ્તારની પ્રગતિને વેગવાન બનાવે છે. ત્યારે તા. ૨૫મી ફેબ્રુઆરીએ રાજકોટમાં યોજાનારા કાર્યક્રમમાં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સૌરાષ્ટ્ર વિસ્તારના સામખીયાળી-સાંતલપુર નેશનલ હાઈવે, ભાવનગર-તળાજા નેશનલ હાઈવે અને ભાવનગર-પીપળી નેશનલ હાઈવે પરના કુલ આશરે રૂ. ૩૮૮૨ કરોડના વિકાસ કામોના ઓનલાઈન ખાતમુહુર્ત અને લોકાર્પણ કરવામાં આવશે. રેસકોર્ષ મેદાન ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં કચ્છ અને પાટણને જોડતા સામખીયાળીથી સાંતલપુર નેશનલ હાઈવે-૨૭ પર રૂ. ૧,૫૫૪ કરોડના ખર્ચે બનનારા આશરે ૯૦.૯૦ કિલોમીટર લંબાઈના સિક્સલેન હાઈવેનું ખાતમુહૂર્ત થવા જઈ રહ્યું છે. આ હાઈવે હરિયાણા, પંજાબ, કાશ્મીર તથા હિમાચલ પ્રદેશ જેવા જમીનથી ઘેરાયેલા રાજ્યોને ગુજરાતના મુખ્ય વ્યાપારી બંદરો એવા કંડલા, મુન્દ્રા અને જામનગર સાથે જોડવા માટે મુખ્ય માર્ગ તરીકે ઉપયોગી બનશે. તેમજ પાટણ, કચ્છ, મોરબી અને રાજકોટના મુસાફરોને વધુ ઝડપી અને સલામત કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ ઉપરાંત, સૌરાષ્ટ્ર વિસ્તારના વિકાસ માટે લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડવા અને પ્રવાસનને ટેકો આપવા ભાવનગરથી તળાજા જૂના નેશનલ હાઈવે



૮-ઈના આશરે ૪૮.૦૪૫ કિલોમીટરની લંબાઈના ફોરલેન હાઈવેના રૂ. ૧૧૮૫ કરોડના કામોનું લોકાર્પણ કરવામાં આવશે. તેમજ ભાવનગરથી પીપળી નેશનલ હાઈવેના ૩૨.૫૧૦ કિલોમીટરની લંબાઈના ફોરલેન હાઈવેના રૂ. ૧૧૪૩ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ થશે. આ બંને પ્રોજેક્ટથી અલંગ બંદરનો વિકાસ થશે. તથા દીવ અને સોમનાથના મત્સ્યોદ્યોગ અને સિમેન્ટ ઉદ્યોગોના માલસામાનની હેરફેરમાં સરળતા થતા સ્થાનિક અર્થવ્યવસ્થાને વેગ મળશે. ઉલ્લેખનીય છે કે નેશનલ હાઈવેના ત્રણેય પ્રોજેક્ટનો આશય સ્થાનિકોને રોજગારીની તકો પૂરી પાડવાનો, માર્ગ સલામતી સુનિશ્ચિત કરવાનો, ઉત્તમ પરિવહન સુવિધાઓ આપવાનો અને મુસાફરીના સમયની બચત કરવાનો છે. જે આર્થિક, સામાજિક અને આરોગ્ય વિષયક સ્થાનિકોના જીવનધોરણની ગુણવત્તાને સુધારા તરફ દોરી જશે. પર્યાવરણની દ્રષ્ટિએ જોઈએ તો ટ્રાફિક ઓછો થતાં પ્રદૂષણના સ્તરમાં ઘટાડો થશે.





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

સંજેલી તાલુકામાં આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંજેલી સંચાલિત શ્રી શ્રધ્ધા વિદ્યાલય કાર્યરત છે જેમાં ધોરણ ૧ થી ૮ ના બાળકો શિક્ષણની સાથે સાથે સામાજિક મૂલ્યો અને સંસ્કારનું સિંચન કરવામાં આવે છે. શ્રી શ્રધ્ધા વિદ્યાલય શાળામાં ૨૧ મી ફેબ્રુઆરીના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય શ્રી દિલીપકુમાર એચ. મકવાણાએ શાળામાં અભ્યાસ કરતા બાળકોને માતૃભાષાનું મહત્વ સમજાવતા આજે દેશ વિદેશોમાં પણ ગુજરાતી ભાષાનું મહત્વ વધ્યું છે. તેમ જણાવતા પોતાની માતૃભાષા માંન સન્માન મળે તેવા પ્રયત્ન કરવા જણાવ્યું હતું. શાળાના આ. શિ.. અશ્વિનભાઈ સંગાડા દ્વારા માતૃભાષા વિષે રસપ્રદ માહિતી આપી હતી આમ શ્રી શ્રધ્ધા વિદ્યાલયમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

### દ્વારકાના ગોમતી ઘાટે મહા આરતી

# દ્વારકામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગમન પૂર્વે જિલ્લામાં અનેરો ઉમંગ



। (માહિતી બ્યુરો) દેવભૂમિ દ્વારકા, તા.૨૨ ।

આગામી તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસે પધારી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સિગ્નેચર બ્રિજનું લોકાર્પણ કરશે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આજરોજ ગોમતી ઘાટ ખાતે મહાઆરતીમાં પ્રવાસીઓ, શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આ મહા આરતીમાં દ્વારકાના ધારાસભ્યશ્રી પબુભા માણેકની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા વહીવટી તંત્ર, ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫, જિલ્લા સંગઠનના અગ્રણીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં પ્રવાસીઓ, શ્રદ્ધાળુઓએ જોડાઈ ધન્યતા અનુભવી હતી. આગામી તા. ૨૩ ફેબ્રુઆરી સુધી સાંજે ૦૭:૦૦ કલાકે ગોમતી ઘાટ ખાતે મહાઆરતીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# દ્વારકામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગમન પૂર્વે જિલ્લામાં અનેરો ઉમંગ

। (માહિતી બ્યુરો) દેવભૂમિ દ્વારકા, તા.૨૨ ।

આગામી તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસે પધારી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સિગ્નેચર બ્રિજનું લોકાર્પણ કરશે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આજરોજ ગોમતી ઘાટ ખાતે મહાઆરતીમાં પ્રવાસીઓ, શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આ મહા આરતીમાં દ્વારકાના ધારાસભ્યશ્રી પબુભા માણેકની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા વહીવટી તંત્ર, ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫, જિલ્લા સંગઠનના અગ્રણીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં પ્રવાસીઓ, શ્રદ્ધાળુઓએ જોડાઈ ધન્યતા અનુભવી હતી. આગામી તા. ૨૩ ફેબ્રુઆરી સુધી સાંજે ૦૭:૦૦ કલાકે ગોમતી ઘાટ ખાતે મહાઆરતીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# ઝાલોદ નગરમાં વિશ્વકર્મા જયંતિ મહોત્સવની ભવ્ય પ્રોગ્રામો સાથે ધૂમધામ રીતે ઉજવણી કરાઈ

### આનંદ મેળો, રાસ ગરબા, વકતૃત્વ સ્પર્ધા, ડાન્સ, નાટક જેવા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

તારીખ ૨૨-૦૨-૨૦૨૪ ગુરુવારના રોજ ઝાલોદ નગરના પંચાલ સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતિ મહોત્સવની ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી કરાઈ. પંચાલ સમાજ દ્વારા બે દિવસના ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. બે દિવસના ભવ્ય પ્રોગ્રામમાં નગરના તેમજ આસપાસના પંચાલ સમાજના લોકો જોડાયા હતા.

ઝાલોદ નગર પંચાલ સમાજ દ્વારા ૨૧-૦૨-૨૦૨૪ આનંદ મેળો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો જેમકે ગ્રુપ ગરબા, સિંગલ તથા ગ્રુપ ડાન્સ, નાટક, વકતૃત્વ સ્પર્ધા સાથે મહાઆરતી જેવા પ્રોગ્રામ યોજાયા હતા. આ સમગ્ર પ્રોગ્રામમાં નગરના પંચાલ સમાજના સહુ લોકોએ ઉત્સાહભેર ભાગ લઈ દરેક પ્રોગ્રામ સફળ બનાવ્યા હતા.

૨૨-૦૨-૨૦૨૪ ગુરુવારના રોજ પંચાલ સમાજ દ્વારા વિશ્વકર્મા મહોત્સવને લઈ નગરની વ્યાપાર રોજગાર બંધ રાખવામાં આવી હતી. સવારથી જ પંચાલ સમાજના લોકો તેમના આરાધ્ય દેવ એવા વિશ્વકર્મા ભગવાનના દર્શન કરવા મંદિરે ઉમટી પડેલ હતા. આજના દિવસે વિશ્વકર્મા ભગવાનને સવારે ૬ વાગે કેસર સ્નાન, વિશ્વકર્મા ભગવાનની વિશેષ પૂજા-યજ્ઞ, ધ્વજા આરોહણ, નગરમાં ભવ્ય શોભાયાત્રા જેવા પ્રોગ્રામો યોજવામાં આવેલ હતા. નગરમાં



કાઢવામાં આવેલ શોભાયાત્રામાં મોટા પ્રમાણમાં પંચાલ સમાજના લોકો જોડાયા હતા, શોભાયાત્રા દરમ્યાન ભજન અને ગરબાની રમઝટે અનેરું ભક્તિમય વાતાવરણ ઉભું કર્યું હતું. નગરમાં વિશ્વકર્મા ભગવાનની શોભાયાત્રાનું સ્વાગત દરેક વિસ્તારમાં ફૂલોની છોળો ઉડાવી કરવામાં આવ્યું હતું. છેલ્લે પંચાલ સમાજ દ્વારા શોભાયાત્રા પૂરી થયા પછી યોજાયેલ સંસ્કૃતિ પ્રોગ્રામમાં ભાગ લેનારને ઈનામ આપી તેમનો જુસ્સો વધારવામાં આવ્યો હતો અને છેલ્લે ભગવાન વિશ્વકર્મા ભગવાનની મહા આરતી કરી સહુ લોકો એ મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો.

# સુરતના સુવાલી દરિયા કિનારે બે દિવસીય ‘બીચ ફેસ્ટિવલ-૨૦૨૪’ના આયોજન અર્થે ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ



। (માહિતી) સુરત, તા.૨૨ ।

દરિયાકિનારાના પ્રવાસન સ્થળો, વિવિધ બીચને ઉજાગર કરવા અને પ્રવાસનને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આગામી તા.૨૪ થી ૨૫ ફેબ્રુઆરી દરમિયાન સુરત નજીક આવેલા સુવાલીના દરિયાકિનારે બે દિવસીય બીચ ફેસ્ટિવલ યોજાશે. જેના આયોજન અર્થે સુરત સર્કિટ હાઉસ ખાતે વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં અને ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. ગૃહરાજ્યમંત્રીએ જણાવ્યું કે, પ્રવાસનને વેગ મળે તેવા આશયથી રાજય સરકાર દ્વારા સુવાલી બીચ ફેસ્ટીવલ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે.

સુવાલી બીચનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ થાય, દરિયાકાંઠાના પ્રવાસનને પ્રોત્સાહન મળે તથા પ્રવાસી/સહેલાણીઓ મોટી સંખ્યામાં દરિયા કિનારાની મોજ માણે, વેચાણ સ્ટોલ ધારકોને તથા સ્થાનિકોને રોજી રોટી મળી રહે તે માટે રાજ્ય સરકાર તથા જિલ્લા/તાલુકા વહીવટી તંત્રએ બીચ ફેસ્ટિવલનું આયોજન કર્યુ છે. બીચ ફેસ્ટિવલમાં તા.૨૪મી સાંજે પ્રખ્યાત લોક ગાયક કિર્તિદાન ગઢવી ડાયરામાં ઉપસ્થિત રહીને પોતાના કંઠથી લોકોને મનોરંજન પુરૂ પાડશે. બીચ ફેસ્ટિવલ સાંજે ૪.૩૦ વાગે મંત્રીશ્રીઓના હસ્તે ખુલ્લો મુકવામાં આવશે. ઊંટ અને ઘોડેસવારી, ક્રાફટ સ્ટોલ, ફુડ કોર્ટ, ફોટો કોર્નર, દેશી અને પરંપરાગત રમતો જેવા વિશેષ આકર્ષણો સાથે પ્રવાસીઓ દરિયાઈ ખુશનુમા માહોલમાં હરવા-ફરવાની સાથે ખાણી પીણીનો આનંદ માણી શકશે. રાજ્ય સરકાર દ્વારા સુવાલી બીચના વિકાસ માટે અંદાજીત રૂ.૪૮ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. જેમાં સૂચિત સર્કિટ હાઉસ, રોડ રસ્તા, પાણી, શૌચાલય, વીજળી વિગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. રૂ.૭ કરોડના ખર્ચે સુવાલી સુધીના રોડની કામગીરી અંતિમ તબક્કામાં છે. SUDA- સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ગત બજેટમાં રૂ. ૧૦ કરોડ સુવાલી બીચના વિકાસ માટે મંજૂર કરવામાં આવેલ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. જૂનાં સંપર્કો તથા મિત્રો મદદરૂપ સાબિત થશે. રૉમેન્ટિક મૂડમાં એકાએક પરિવર્તન તમને હતાશ કરશે. મિત્ર તરફથી અમૂલ્ય સહકાર તમને વ્યાવસાયિક બાબતોમાં મદદ કરશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. તમને પરિવારના સભ્યો સાથે કેટલીક મુશ્કેલીઓ હશે પણ તેને તમારા મગજની શાંતિ હણવા ન દો. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી. ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો. તમારો આત્મવિશ્વાસ વધી રહ્યો છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે, તમારો જીવનસાથી આજે તમારી સાથે લગ્ન વિશે વાત કરી શકે છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે-તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂ રહેશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો.

# સચિન તેંડૂલકર કાશ્મીરમાં રસ્તા પર રમતા છોકરાઓ સાથે ક્રિકેટ રમ્યો





। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

સચિન તેંડુલકરે પ્રોફેશનલ ક્રિકેટમાંથી તો ઘણાં સમય પહેલા જ નિવૃત્તિ લઈ લીધી હતી, પરંતુ આજે પણ તક મળે ત્યારે તે ગલી ક્રિકેટથી માંડીને ફ્રેન્ડલી મેચમાં ફટકાબાજી કરવાનું નથી ચૂકતો. પૂર્વ ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકર હાલ પરિવાર સાથે કાશ્મીરના પ્રવાસે છે.

આ પ્રવાસમાં જમ્મુ કાશ્મીરના રસ્તા પરથી તેંડુલકરની કાર પસાર થતી હતી, ત્યારે તેણે કેટલાક સ્થાનિકોને ક્રિકેટ રમતા જોયા. આ દરમિયાન તેંડુલકર પણ પોતાની જાતને ક્રિકેટ રમવા જતા રોકી ના શક્યો અને તેણે ડ્રાઈવરને કહીને કાર થોભાવી દીધી. બાદમાં તે કારમાંથી ઊતરીને સીધો જ ડબ્બાના સ્ટમ્પ બનાવીને ક્રિકેટ રમતા લોકો સાથે ગયો અને ક્રિકેટ રમવાની મજા માણી.

સચિન તેંડુલકરે જમ્મુ-કાશ્મીરના રસ્તા પર કેટલાક યુવાનો સાથે ક્રિકેટ રમતો આ વીડિયો એક્સ પર પોસ્ટ કર્યો છે. આ વીડિયોને પોસ્ટ કરીને તેણે કેપ્શનમાં લખ્યું કે, 'ક્રિકેટ કાશ્મીર, સ્વર્ગમાં મેચ.'

આ વીડિયોમાં જોવા મળે છે કે, સચિન બ્લેક કારમાંથી નીચે ઉતરે છે. ત્યારે કેટલાક લોકો રસ્તા પર ડબ્બા અને બોક્સના સ્ટમ્પ બનાવીને ક્રિકેટ રમતા હતા. ત્યારે તેંડુલકર સીધો ત્યાં જઈને તેમને પૂછે છે કે, 'શું હું પણ રમી શકું?' ત્યારે ત્યાં ક્રિકેટ રમતા લોકો તેને જોઈને જ દંગ રહી જાય છે અને સીધું જ માસ્ટરબ્લાસ્ટરને બેટ સોંપી દે છે.

આ દરમિયાન તેંડુલકર એવું પણ પૂછે છે કે, 'મેઈન બોલર કોણ છે?' પછી તે બેટિંગ શરૂ કરે છે. આ દરમિયાન તે સ્ટ્રેટ ડ્રાઈવ, કવર ડ્રાઈવ સહિત ઘણાં શોટ્સ બતાવે છે. આ વીડિયોમાં સચિનની આજુબાજુ સુરક્ષાકર્મી પણ જોવા મળી રહ્યાં છે.

સચિન તેંડુલકર સાથે કાશ્મીર પ્રવાસમાં પત્ની અંજલિ અને પુત્રી સારા પણ છે. આ પહેલાં પણ તેમનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તે જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષાનો આનંદ માણતા જોવા મળ્યા હતા.

હાલમાં જ તેણે અવંતીપોરાની એક બેટ ફેક્ટરીની મુલાકાત લીધી હતી. એ મુલાકાતનો વીડિયો પણ તેંડુલકરે એક્સ પર શેર કર્યો હતો.

## આઈપીએલ-૧૭ની ૨૧ મેચનો કાર્યક્રમ જાહેર

# ૨૨ માર્ચે ચેન્નાઈ-બેંગ્લોર વચ્ચે પ્રથમ મેચ રમાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

આઈપીએલની ૧૭મી સિઝનનું શેડ્યુલ જાહેર કરવામાં આવ્યું છે. હાલમાં ૨૧ મેચોનું શેડ્યૂલ જ જાહેર કરવામાં આવ્યું છે. આઈપીએલ ૨૦૨૪ની પ્રથમ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે ૨૨ માર્ચના રોજ રમાશે. આ મેચ ચેન્નઈ સુપર કિંગ્સના હોમ ગ્રાઉન્ડ એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાશે. હાલ સાતમી એપ્રિલ સુધી રમાનારી મેચોનું જ શેડ્યુલ જાહેર કરાયું છે, બાકીની મેચો લોકસભા ચૂંટણી પછી જાહેર કરાશે. ચેન્નઈની ટીમ રેકોર્ડ નવમી વખત કોઈપણ આઈપીએલસિઝનની પ્રથમ મેચ રમશે. અગાઉ ચેન્નઈની ટીમ ૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૨ અને ૨૦૨૩માં ઉદ્ઘાટન મેચ રમી ચૂકી છે. દિલ્હી કેપિટલ્સની ટીમ તેની પ્રથમ બે મેચ વિશાખાપટ્ટનમમાં રમશે. ઉંન્ની ફાઈનલ દિલ્હીમાં રમાશે, તે પછી તરત જ આઈપીએલમાટે મેદાન તૈયાર કરવામાં સમય લાગશે. આ કારણોસર દિલ્હીની પ્રથમ બે મેચ વિશાખાપટ્ટનમમાં યોજાશે.

# મોહમ્મદ શમી ઈજાને લીધે આઈપીએલમાં નહીં રમી શકે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

આઈપીએલ ૨૦૨૪ પહેલા ગુજરાત ટાઈટન્સને મોટો ઝટકો લાગ્યો છે. ગુજરાત ટાઈટન્સનો સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમી આઈપીએલ ૨૦૨૪માંથી બહાર થઈ શકે છે. શમીને લઈને તેની ફ્રેન્ચાઈઝી ટીમ ગુજરાત ટાઈટન્સ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ બીસીસીઆઈના એક સૂત્રએ આ અંગે માહિતી આપી છે.



આઈપીએલ ૨૦૨૪માંથી જો મોહમ્મદ શમી બહાર થાય છે તો ગુજરાત ટાઈટન્સ માટે તે મોટો ઝાટકો હશે. ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યા, પહેલાથી જ મુંબઈ ઈન્ડિયન્સમાં ચાલ્યો ગયો છે અને હવે ટીમમાં શમીની ગેરહાજરી ગુજરાત ટાઈટન્સ માટે મોટી સમસ્યાઓ ઊભી કરી શકે છે. હાર્દિક પંડ્યાના મુંબઈ ઈન્ડિયન્સમાં ગયા બાદ ગુજરાત ટાઈટન્સે ટીમની કમાન શુભમન ગિલને સોંપી દીધી છે. બીસીસીઆઈના એક સૂત્રે જણાવ્યું કે શમીને તેના ડાબા પગની ઘૂંટીમાં થયેલી ઈજાની સર્જરી માટે યુકેજવું પડશે અને તેના કારણે તે આઈપીએલ ૨૦૨૪માંથી બહાર થઈ શકે છે.

આઈપીએલ ૨૦૨૩માં મોહમ્મદ શમીએ પર્પલ કેપ જીતી હતી, આ સિવાય તેણે વર્લ્ડકપ ૨૦૨૩માં સૌથી વધુ વિકેટ પણ લીધી હતી. ક્રિકેટ ચાહકો લાંબા સમયથી તેની વાપસીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. શમીએ આઈપીએલ ૨૦૨૩માં કુલ ૨૮ વિકેટ લીધી હતી. આઈપીએલ ૨૦૨૩માં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં ગુજરાત ટાઈટન્સના બોલરો ટોપ-૩ સ્થાન પર હતા. શમી પછી આ યાદીમાં મોહિત શર્મા અને રાશિદ ખાનનું નામ હતું.

## ગુગલે કર્મીઓને એસએમએસ મોકલી નોકરીમાંથી કાઢી મૂક્યા

। નવી દિલ્હી, તા.૨૨ ।

દુનિયાની સૌથી મોટી ટેક કંપનીઓમાંથી એક ગુગલમાં નોકરી મેળવવાનું સપનું ઘણા લોકો જોતા હોય છે. પરંતુ આ મોટી કંપનીમાં કામ કરતા અનેક લોકોની નોકરી અચાનક છીનવાઈ ગઈ છે. કંપનીની લેટેસ્ટ પ્રોડક્ટ જેમિનિ એઆઈચેટબોટ છે અને કંપનીએ તેના પર કામ કરતા કર્મચારીને માત્ર એક એસએમએસમોકલીને નોકરીમાંથી કાઢી મૂક્યો છે. ગૂગલના પૂર્વ કર્માચારી એલેક્સ કોહેને ટેક કંપનીમાંથી પોતાને કાઢી મૂકવા અંગેનો અનુભવ શેર કર્યો છે અને જણાવ્યું કે, અચાનક તેના પરથી હેંગઆઉટ્સઅને ગુગલ ડ્રાઈવનું એક્સેસ છીનવી લેવામાં આવ્યું. ત્યારબાદ તેમના મેનેજરે એક એસએમએસમોકલીને જણાવ્યું કે, તેમને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. કંપનીએ આ સંપૂર્ણ પ્રક્રિયામાંથી પસાર થવું પણ જરૂરી ન સમજ્યું. એલેક્સે જણાવ્યું કે, તે ગૂગલના જેમિનિ એઆઈમોડેલ સાથે સબંધિત એલ્ગોરિધમ પર કામ કરી રહ્યો હતો.

## ભારત-ઈંગ્લેન્ડ ચોથી ટેસ્ટ મેચ આજથી રાંચીમાં

# ઈંગ્લેન્ડની પ્લેઈંગ ઈલેવનમાં ઓલી રોબિન્સન, શોએબ બશીરનો સમાવેશ

। (એજન્સી) રાંચી, તા.૨૨ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ મેચોની ટેસ્ટ સીરિઝની ચોથી મેચ આવતીકાલથી રાંચીમાં રમાશે. ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ એટલે કે ઈસીબીએ રાંચીમાં રમાનારી ૫ મેચોની ટેસ્ટ સીરિઝની ચોથી મેચ માટે એક દિવસ પહેલા ટીમની જાહેરાત કરી દીધી છે. આ ટેસ્ટ સીરિઝમાં ઈંગ્લેન્ડ ૨-૧થી પાછળ છે. ઈંગ્લેન્ડની ટીમમાં બે ફેરફાર કરવામાં આવ્યા છે. માર્ક વૂડ અને રેહાન અહેમદને પડતો મૂકવામાં આવ્યો છે, જ્યારે તેમની જગ્યાએ ઓલી રોબિન્સન અને શોએબ બશીરને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે.સતત ત્રણ ટેસ્ટ મેચમાં ફ્લોપ થયેલા જોની બેરસ્ટોને પડતો મૂકવામાં આવી શકે છે અને તેની જગ્યાએ વધારાના સ્પિનર અથવા ડેન લોરેન્સને ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે એવું માનવામાં આવી રહ્યું હતું. જો કે ટીમ મેનેજમેન્ટ, કેપ્ટન અને કોચે પોતાના અનુભવી બેટ્સમેન પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આવી સ્થિતિમાં જોની બેયરસ્ટોને પણ ચોથી મેચમાં યોગદાન આપવું પડશે, કારણ કે ઈંગ્લેન્ડની ટીમ ટેસ્ટ સીરિઝમાં પહેલાથી જ પાછળ છે અને વધુ એક હારથી ટીમને સીરિઝ ગુમાવવી પડશે.

# પાકિસ્તાન એરફોર્સના ૧૩ અધિકારીઓનું કોર્ટ માર્શલ

## આ અધિકારીઓ પર વાયુસેનાના ચીફ ઝહીર બાબર સિધ્ધુ સામે ભ્રષ્ટાચારનો ખુલાસો કરવાનો આરોપ મુકાયો

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૨ ।

પાકિસ્તાનની એરફોર્સમાં ભારે ઉથલ પાથલ મચી છે. એરફોર્સના ટોચના ૧૩ અધિકારીઓનુ કોર્ટ માર્શલ કરવામાં આવ્યુ હોવાની જાણકારી સામે આવી છે. આ તમામ અધિકારીઓ પર વાયુસેનાના ચીફ ઝહીર બાબર સિધ્ધુ સામે ભ્રષ્ટાચારનો ખુલાસો કરવાનો આરોપ મુકાયો છે.

આ ૧૩ પૈકી સાત અધિકારીઓ તો નિવૃત્ત પણ થઈ ગયા હોવાનુ કહેવાય છે. જોકે આ તમામની ધરપકડ કરવામાં આવી છે. જેમાં એર માર્શલ અહેસાન રફીક, એર માર્શલ તારિક ઝિયા અને નિવૃત્ત એર માર્શલ જાવેદ સઈદનો પણ સમાવેશ થાય છે. આ એ જ જાવેદ સઈદ છે જેમના નેતૃત્વમાં પાકિસ્તાને બાલાકોટ એરસ્ટ્રાઈકનો બદલો લેવા માટે પોતાના વિમાનોને




ભારતની સરહદમાં મોકલ્યા હતા. જાવેદ સઈદનીવાયુસેનાએ ધરપકડ કરીને તેમની સામે તરત કાર્યવાહી કરવામાં આવી છે. પાકિસ્તાની વાયુસેનાના ચીફના ભ્રષ્ટાચાર પર ઢાંકપિછોડો કરવાના ભરપૂર પ્રયાસો થયા હતા પણ આખરે આ વાત મીડિયામાં લીક થઈ ગઈ હતી. એ પછી પાકિસ્તાની એરફોર્સે તપાસ શરુ કરી હતી અને તેમાં ૧૩ અધિકારીઓ પર કાર્યવાહી કરવામાં આવી છે. જોકે આ મામલામાં તો ઉલટાનુ ચોર કોટવાળને દંડે..તેવુ થયુ છે. કારણકે આ ૧૩ અધિકારીઓ પર ભ્રષ્ટાચારની જાણકારી લીક કરવાના આરોપસર કાર્યવાહી થઈ હોવાનુ મનાય છે.


પાકિસ્તાનમાં એવો ગણગણાટ છે કે, પાકિસ્તાની વાયુસેના પ્રમુખ પોતાનો કાર્યકાળ વધારવા માંગે છે અને આ માટે પોતાના વિરોધી અધિકારીઓને અત્યારથી કટ ટૂ સાઈઝ કરી રહ્યા છે. પાકિસ્તાની વાયુસેના ચીફ પર હથિયારોની ખરીદીમાં ગોટાળા કરવાનો આરોપ લાગ્યો હતો. તેમના પર મોંઘુદાટ ઘર અને ગાડીઓ ખરીદવાનો આક્ષેપ પણ થયો છે. સાથે સાથે વાયુસેનાના કાબેલ અધિકારીઓને તેમણે મહત્વ વગરની પોસ્ટ પર ટ્રાન્સફર કરી દીધા હોવાનુ પણ તેમના વિરોધીઓ કહી રહ્યા છે.

## વિશેષ

### કુદરતી બંદર હોવાથી અહીંની જમીન કાંપ વાળી ન હોય મોટા વહાણોની સરળતાથી અવરજવર શક્ય

# વાંસી બોરસી ગામ ભૌગોલિક દ્રષ્ટીએ જળ અને હવાઈ માર્ગ માટે પણ અનુકૂળ હોવાનો પુસ્તકમાં ઉલ્લેખ





જિજ્ઞેશ સોલંકી નવસારીના વાંસી બોરસી ગામમાં પીએમ મિત્ર પાર્ક નિર્માણ થનાર છે ત્યારે ભૌગોલિક દ્રષ્ટીએ વાંસી બોરસી ગામ ભૂતકાળમાં જળ માર્ગ અને હવાઈ માર્ગની પણ કનેકટિવીટી ધરાવતુ હતું તેવો ઉલ્લેખ વાંસી-બોરસી ગામ સર્વસંગ્રહ પુસ્તકમાં જોવા મળે છે. ત્યારે નવા ભારતના સ્વપ્રદ્રષ્ટા અને વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની નેમ ધરાવનાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા નવસારીને પીએમ મિત્ર પાર્ક ફાળવાયા બાદ ટેક્સટાઈલ ઉદ્યોગના હરણફાળ વિકાસ માટે આ ગામના બંદરની વિકાસની શકયતા વધી હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. માછીવાડ ગામમાં પૂર્ણા નદી અને અરબી સમુદ્રના સંગમ સ્થાને આવેલુ વાંસી બોરસી બંદર પર હાલમાં યાંત્રિક બોટ વાળી ૧૦૦ અને હલેસાવાળી ૧૫૦ બોટ લંગારવામાં આવે છે. હાલમાં જ રૂ.૧૦ થી ૧૧ કરોડના ખર્ચે કુલ ૧૮૦૦ મીટરની પ્રોટેકશન વોલ નવી બનાવી અને રિનોવેશન પણ કરવામાં આવ્યું છે. આ બંદરની જમીન કાંપવાળી ન હોવાથી બોટના આવાગમન માટે સરળતા પડે છે. આ બાબતનો ઉલ્લેખ નવસારીની એસ.બી.ગાર્ડા આર્ટ્સ અને પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સના પ્રા. જસવંત મ.નાયક અને પ્રા. રમેશભાઈ આર. નાયક દ્વારા વર્ષ ૧૯૮૨-૮૩માં સંપાદન કરાયેલી વાંસી-બોરસી ગામ સર્વસંગ્રહ બુકમાં જોવા મળે છે. જેમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વાંસી-બોરસી બંદર કુદરતી બંદર છે. મોટા વહાણની અવરજવર સરળતાથી થઈ શકે છે. મોટાભાગના બંદરો પર કાંપ દૂર કરવા માટે ખર્ચ કરવો પડતો હોય છે પરંતુ વાંસી-બોરસી બંદર પર દરિયાઈ કાંપ ભેગો થતો નથી. ભૂતકાળમાં વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડના ઈજનેરો અને તેમના જર્મન ટેક્નિશિયનોના અભિપ્રાય મુજબ, અહીં શ્રેષ્ઠ બંદર વિકસી શકે તેમ છે. સયાજીરાવે બંદરની સગવડોને ધ્યાનમાં લઈ પરસોલીમાં વિમાન ઉતરી શકે એ માટે હવાઈપટ્ટી પણ તૈયાર કરાવી હતી. વર્ષ ૧૯૬૨માં મનસુખલાલ માસ્તર સમિતિએ તેમના અહેવાલમાં પણ વાંસી-બોરસી બંદરને વિકસાવવા માટે રૂ. ૩૦ લાખના ખર્ચની ભલામણ કરી હતી. ત્યારે પીએમ મિત્ર પાર્કથી વાંસી બોરસી ગામના લોકોમાં આ બંદરના વિકાસની આશા સેવાય રહી છે. માછીવાડ ગામના સરપંચ સુનિલભાઈ ટંડેલે જણાવ્યું કે, પીએમ મિત્ર પાર્ક આવવાથી વિકાસની અનેક સંભાવના જોવાઈ રહી છે. જેમાં દાંડી બંદરથી સામાપોર મછાર દાંડી વચ્ચે ઓવરબ્રિજ અને અમારા ગામના બંદરના વિકાસ માટે રૂ. ૨૦ થી ૨૨ કરોડના ખર્ચે પ્રોજેક્ટ બની રહ્યો છે.

**મોદીએ કેમ છો કહીને સંબોધનની શરૂઆત કરી હતી** | **મોદીએ જનસભાને સંબોધતા કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા**

# પીએમ મિત્રા પાર્ક સહિત ૪૪ હજાર કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું




। નવસારી, તા.૨૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે છે ત્યારે આ દરમિયાન તેઓએ નવસારીના વાસી બોરસી ગામમાં આયોજિત કાર્યક્રમમાં પીએમ મિત્રા પાર્ક સહિત ૪૪ હજાર કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યુ હતું. નવસારીમાં પીએમ મોદીએ જનસભાને સંબોધતા કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. પરિવારવાદન લઈને કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું.

ગુજરાતના પ્રવાસ દરમિયાન પીએમ મોદીએ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત બાદ જનસભાનને સંબોધન કર્યુ હતું..પીએમ મોદીએ કેમ છો કહીને સંબોધનની શરૂઆત કરી હતી. પ્રધાનમંત્રી મોદીના કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, “કોંગ્રેસના સમયે ભારતની અર્થવ્યવસ્થા ૧૧માં નંબરે હતી, હાલ ભારતની અર્થવ્યવસ્થા પાંચમાં નંબરે છે, નાના શહેરોમાં પણ કનેક્ટીવીટીનો શાનદાર ઈંફ્રાસ્ટ્રક્ચર છે. નાના શહેરોમાં પણ લોકો હવાઈ યાત્રાનો લાભ લઈ રહ્યા છે, અમારી સરકાર ગરીબોને પાકા ઘર આપી રહી છે,આજે દુનિયા ડિજીટલ ઈંડિયાને ઓળખી ગઈ છે, કોંગ્રેસના લોકો ડિજીટલ ઈંડિયાનો મજાક ઉડાવતા હતા,કોંગ્રેસે દશકો સુધી દેશ સાથે અન્યાય કર્યો હતો. કોંગ્રેસે દશકો સુધી દુનિયાને દેશની અસલી વિરાસતથી દૂર રાખી હતી, આજે દુનિયામાં ભારતની સમૃદ્ધ વિરાસતની ગૂંજ છે. કોંગ્રેસના એક પણ નેતાઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી નથી પહોંચ્યા, કોંગ્રેસના નેતાઓને ગુજરાતના લોકો ક્યારે માફ નહીં કરે. કોંગ્રેસ પાસે મોદીને ગાળો આપવા સિવાય કોઈ એજન્ડા નથી.કોંગ્રેસ પાસે દેશના ભવિષ્ય માટે કોઈ એજન્ડા નથી.પરિવારવાદી માનસિકતા નવી પ્રતિભાની દુશ્મન,પરિવારવાદી માનસિકતા યુવાનો માટે દુશ્મન છે. કોંગ્રેસ જેટલા કિચડ ફેંકશા એટલા જ કમળ ખીલશે.

નવસારીના વાસી બોરસી ગામમાં આયોજિત કાર્યક્રમમાં પીએમ મિત્રા પાર્ક સહિત ૪૪ હજાર કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યુ હતું. આ અવસરે પીએમ મોદીએ કહ્યું કે, મોદીની ગેરેન્ટીની દેશભરમાં ચર્ચા છે. દેશના અબાલ વૃદ્ધ સૌને મોદીની ગેરેન્ટી પર વિશ્વાસ છે. મોદીની ગેરેન્ટી એટલે ગેરેન્ટી પૂરી થવાની ગેરેન્ટી ગુજરાત જાણે છે. હું ગુજરાતમાં હતો ત્યારે પાંચ એફની વાત કરતો હતો.

**ન્યૂઝ બ્રિફ**

## જામનગર યાર્ડમાં કપાસના રેકોર્ડ બ્રેક ભાવ, ખેડૂતોમાં ખુશીનો માહોલ

। (એજન્સી) જામનગર, તા.૨૨ ।

જામનગર યાર્ડમાં કપાસ વેચવા માટે આવેલા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. કારણ કે, સીઝનના પ્રારંભથી લઈને અત્યાર સુધી કપાસના ભાવમાં જે બ્રેક લાગી હતી, તેમાં હવે ધીમે ધીમે વધારો નોંધાવી રહ્યો છે. લાંબા સમય બાદ કપાસના ભાવ રૂપિયા ૧૩૦૦ રૂપિયાથી માંડી ૧૫૭૫ જેવા રહ્યા હતા. યાર્ડમાં ૯૦૭ ખેડૂતો જણસી વેચવા માટે આવતા ૩૪,૨૬૬ મણ જણસીની આવક થઈ હતી. જામનગર યાર્ડમાં સૌથી વધુ જીરુંની આવક થઈ હતી. જીરુંની સીઝન શરૂ હોવાથી ૨૭૨ ખેડૂતો જીરું વેચવા માટે આવતા યાર્ડમાં ૩૦૦૦ રૂપિયાથી માંડી ૫૯૦૦ રૂપિયાના ભાવે જીરુંના સોદા પડ્યા હતા. ૮૨૩૮ મણ જીરું યાર્ડમાં ઠલવાયું હતું. અજમોના ભાવ ૨૨૫૦ રૂપિયાથી ૫૫૦ રૂપિયા રહ્યા હતા. ૩૧૯૦ માં અજમો યાર્ડમાં આવ્યો હતો.

**ગુજરાત શિક્ષણ બોર્ડે એક્શન પ્લાન કર્યો જાહેર**

# આગામી ૧૧મી માર્ચ થી ધો. ૧૦ અને ૧૨ ની પરીક્ષાનું આયોજન

## આ પરીક્ષામાં રાજ્યભરમાંથી ૧૫.૩૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૧૧મી માર્ચ થી ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે જેને લઈને માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એક્શન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે તે મુજબ આ આ પરીક્ષામાં રાજ્યભરમાંથી ૧૫.૩૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે જેમાં ધોરણ ૧૦ની પરીક્ષા માટે ૯.૧૭ લાખ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ૧.૩૨ લાખ તથા સામાન્ય પ્રવાહ માટે ૪.૮૯ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં ૫૩૭૮ બિલ્ડિંગના ૫૪૨૯૪ બ્લોક્નો ઉપયોગ કરવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા માટેના કેન્દ્ર પણ જાહેર કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. બોર્ડની પરીક્ષાને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ થતાં હવે આગામી દિવસોમાં બોર્ડ દ્વારા પરીક્ષા માટેની હૉલ ટિકિટ ઈશ્યૂ કરવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૧ માર્ચથી લેવામાં આવનારી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાને લઈને એક્શન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ ધોરણ ૧૦ માં ૯,૧૭,૬૮૭ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં ૩.૯૯ લાખ છોકરીઓ છે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા આ વર્ષે ૪,૮૯,૨૭૯ છે. જેમાં નિયમિત ૩,૮૦,૨૬૯ અને રીપીટર વિદ્યાર્થીઓની સંખ્યા ૬૧,૧૩૦ છે. આ ઉપરાંત ખાનગી નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૨૯,૫૨૩ અને ખાનગી રીપીટર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩,૪૧૭ આમ ધોરણ ૧૦ અને ૧૨માં મળીને આ વખતે બોર્ડમાં ૧૫,૩૮,૯૫૩ વિદ્યાર્થીઓ નોંધાયા છે.ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા માટે જેલના બંદીવાન વિધાર્થીઓ પણ નોંધાયા છે, જેમાં અમદાવાદ મધ્યસ્થ જેલમાં ધો.૧૦ના ૨૭ અને ધો.૧૨ના ૨૮ કેદી પરીક્ષા આપશે. જ્યારે વડોદરા મધ્યસ્થ જેલમાં ધો.૧૦ના ૧૩ અને ધો.૧૨ના ૯ કેદી, રાજકોટ મધ્યસ્થ જેલમાં ધો.૧૦ના ૧૬ અને ધો,૧૨ના ૭ કેદી તેમજ સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં ધો.૧૦ના ૧૭ અને ધો.૧૨ના ૧૩ કેદી પરીક્ષા આપશે. આમ, ચારેય મધ્યસ્થ જેલમાં મળી ધો.૧૦ના ૭૩ અને ધો.૧૨ના ૫૭ કેદી બોર્ડની પરીક્ષા આપશે. ધો.૧૦ની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં ૮૪ ઝોન નક્કી કરવામાં આવ્યા છે.

**અગાઉના કેસમાં પિતા સાક્ષી હોવાથી પુત્ર પર હુમલો**

## સોલા હાઇકોર્ટમાં નોકરી પર જતા ક્લાર્ક પર બે શખ્સનો હુમલો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

પિતા એક કેસમાં સાક્ષી હોવાથી તેમના દિકરાને રોકી આરોપીએ સાક્ષી ન આપવા ધમકી આપી હતી. સાયોના બ્રીજ પાસે દિકરાને રોકી માર પણ માર્યો અને મારી નાખવાની ધમકી આપી હતી. દિકરો હાઈકોર્ટમાં એડવોકેટના ત્યા નોકરી જતા ઘટના બની હતી. આ અંગે સોલા પોલીસે બે શખસો સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે. અમદાવાદ ચાંદલોડીયા વિસ્તારમાં આવેલા આશ્રય એવન્યુમાં આકાશ લીમ્બાત પરિવાર સાથે રહે છે. આકાશભાઈ ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટના ક્લાર્ક તરીકે કામ કરે છે. ગત ૧૭મી ફેબ્રુઆરીના રોજ સવારે રાબેતા મુજબ પોતાની નોકરી પર જતા હતા. દરમિયાનમાં તેઓ સાયોના અંડરબ્રીજ પાસે પહોચ્યા હતા આ સમયે પ્રશાંત મહેન્દ્રભાઈ કાલાણી તથા તેની સાથે એક શખસ ઉભો હતો. બાઈક પર જતાં આકાશભાઈને તેઓએ રોક્યા હતા. બાદમાં જણાવ્યું હતું કે, મારા વિરુધ્ધમાં ૨૦૨૨માં ફરિયાદ નોધાયેલી છે.

તારા પિતા તેમાં સાક્ષી છે તેમને સમજાવી દેજે મારા વિરુધ્ધમાં સાક્ષી ન આપે નહિતર મજા નહિ આવે તેવી ધમકી આપી ગાળો ભાંડી હતી. પ્રશાંત અને અજાણ્યા માણસને ગાળો બોલવાની ના પાડતા તેમણે તેમની પાસેથી લોખંડની પાઈપ કાઢી આકાશને માર માર્યો હતો. આસપાસ લોકો ભેગા થતાં પ્રશાંતે ધમકી આપી હતી કે, આ વખતે તું બચી ગયો છે આવતી વખતે જીવતો નહિ છોડીએ.

**૩૫ રોડ અંડર બ્રિજ (RUB)નું થશે લોકાર્પણ-શિલાન્યાસ**

# ૨૬ ફેબ્રુઆરીએ વડાપ્રધાન મોદી અમદાવાદ મંડળના ૯ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસનો શિલાન્યાસ કરશે



અમદાવાદ મંડળમાં પુનર્વિકાસ માટે પસંદ કરાયેલા વિવિધ સ્ટેશનોની કલાત્મક તસવીર.

। અમદાવાદ, તા.૨૨ ।

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૨૬ ફેબ્રુઆરી૨૦૨૪ (સોમવાર)ના રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૫૫૪ સ્ટેશનોના પુનર્વિકાસ તેમ જ ૧૫૦૦ રોડ ઓવર બ્રિજ/અંડર બ્રિજના શિલાન્યાસ/લોકાર્પણની ૪૧,૦૦૦ કરોડ રૂપિયાની પરિયોજના દેશને સમર્પિત કરશે. જેમાં અમદાવાદ મંડળના અમદાવાદ સહિત ૦૯ સ્ટેશનોના પુનર્વિકાસનો શિલાન્યાસ, ૧૯ રોડ અંડરબ્રિજ-અંડરપાસનું લોકાર્પણ વડાપ્રધાન દ્વારા કરવામાં આવશે.

અમદાવાદ મંડળના ૯ સ્ટેશનોમાં અમદાવાદ રેલવે સ્ટેશનના મેજર અપગ્રેડેશન તેમ જ અમૃત ભારત સ્કીમ હેઠળ ૨૩૩ કરોડ રૂપિયાથી પણ વધારે ખર્ચે મણિનગર, ચાંદલોડિયા, વટવા, સમાખયાલી, સિદ્ધપુર, ઊંઝા, મહેસાણા અને ભીલડી સ્ટેશનોનો પુનર્વિકાસ કરવામાં આવશે. તે સાથે જ ટ્રાફિકની સમસ્યાને પણ હળવી કરવા માટે લગભગ ૨૩૦ કરોડ રૂપિયાના ખર્ચે અમદાવાદ મંડળ પર અસારવા, ગોરાઘુમા, ચાંદલોડિયા, વટવા, અંજાર, રતલાન, ભુજ, ધીનોજ, છાપી, કમલી, મહેસાણા, જગુદત, કલોલ, ચાંદખેડા, વિરમગામ, સડલા, બજાણા, જત પિપલી, વસાડવા, ઘનશ્યામ ગઢ, સુખપુર તેમ જ હળવદમાં વિવિધ સ્થળોએ ૩૫ રોડ અંડર બ્રિજના શિલાન્યાસ-લોકાર્પણ વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવશે.

રેલવે સ્ટેશનોના આધુનિકીકરણ અને સુવિધાઓમાં સુધાર કરવાના હેતુસર ભારત સરકાર દ્વારા મોડ્યુલર કોન્સેપ્ટ પર વિશ્વસ્તરીય રેલવે સ્ટેશન બનાવવાની પરિયોજના શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત અત્યાધુનિક સુવિધાઓની જોગવાઈ કરીને ભવ્ય તેમ જ વિશ્વસ્તરીય સ્ટેશન રૂપે પુનર્વિકસિત કરવામાં આવશે. સ્ટેશન પર વર્લ્ડ ક્લાસ બિલ્ડિંગ, બુકિંગ અને પાર્સલ ઓફિસ, લિફ્ટ, એસ્કેલેટર, કોન્ફોર્સ, એસી વેઈટિંગ રૂમ, સુવિધાજનક પાર્કિંગ, આધુનિક કોચ માર્ગદર્શન ડિસ્પ્લે બોર્ડ, એનાઉન્સમેન્ટ સિસ્ટમ, વાઈ-ફાઈ, આધુનિક સીસીટીવી સિસ્ટમ, પૂરતી પ્રકાશ વ્યવસ્થા વગેરે સુવિધાઓ સામેલ હશે.

ભારતીય રેલ સ્ટેશનોના અભૂતપૂર્વ પરિવર્તન દરેક ભારતીયને ગૌરવ અપાવનારું છે અને જે ઝડપે પરિવર્તન થયું છે, તેનાથી દરેક સહેલાણીને આશ્ચર્યાનંદ થશે. સ્ટેશનો પર યાત્રીઓને અત્યાધુનિક સુવિધાઓનો લાભ મળશે. તો રોડ અંડરબ્રિજ-અંડરપાસ બનવાથી લોકોને રેલવેના પાટા ક્રોસ કરવામાં પણ સગવડ રહેશે.

**ફરી એકવાર નશાકારક સિરપ ઝડપાઇ**

## રાજકોટમાં સિરપના નામે નશાનો વેપલો જોવા મળ્યો, એકની ધરપકડ

। રાજકોટ, તા.૨૨ ।

ગુજરાતમાં ફરી એકવાર નશાકારક સિરપ ઝડપાતા ખળભળાટ મચી ગયો છે. આ અગાઉ આવી નશાકારક સિરપને કારણે યુવાનોના મોત થઈ ચૂક્યા છે. આ બધાની વચ્ચે હવે રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય SOGએ ચોક્કસ બાતમીને આધારે આવી નશાકારક સિરપનો જથ્થો ઝડપી પાડ્યો છે. વિગતો મુજબ SOGએ નશાકારક સિરપની ૮૪૦ જેટલી બોટલો જપ્ત કરી અને ૬.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. રાજકોટ જીલ્લાના વિછીયા માંથી રાજકોટ ગ્રામ્ય SOGએ બાતમીના આધારે નશાકારક સીરપનો જથ્થો ઝડપી પાડ્યો છે. અગાઉ આવી નશાકારક સિરપને કારણે લોકોએ જીવ ગુમાવ્યા બાદ હવે પોલીસ પણ હરકતમાં આવી છે. રાજકોટ ગ્રામ્ય SOGની ટીમે બાતમી આધારે નશાકારક સીરપની ૮૪૦ બોટલો જપ્ત કરી છે. વિગતો મુજબ બોટાદના પ્રકાશ સાકરિયા નામના ઈસમની સ્વિફ્ટ કારમાંથી આ નશાકારક સિરપનો જથ્થો ઝડપાયો છે. જેને લઈ વિંછીયા પોલીસે કુલ ૬.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

**સિવિલ હોસ્પિટલમાં પ્રસરી અંગદાનની મહેંક**

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૪૪મું અંગદાન કરવામાં આવ્યું

## સમગ્ર પ્રક્રિયાના અંતે હૃદય, બે કિડની અને લીવરનું દાન મેળવવામાં સફળતા મળી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૪૪મું અંગદાન થયું છે. સિવિલ હોસ્પિટલનું ૧૪૪મું અંગદાન નારી તું નારાયણી, તું જ આ સંસારની જીવનદાતા પંક્તિને ખરા અર્થમાં સાર્થક કરી બતાવ્યું છે. નારી એ ત્યાગ અને સમર્પણની મૂરત છે. જેનો બ્રેઇનડેડ રમેશભાઈના ધર્મપત્ની ભારતી બહેને સાક્ષાત્કાર કરાવ્યો છે.

સિવિલમાં અંગદાન થતા અન્ય લોકોને નવજીવન મળશે. બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના રેનવા ગામના રહેવાસી અને ગાંધીધામ, કચ્છમાં કામ અર્થે રહેતા રમેશભાઈ શ્રીમાળીને ગાંધીધામ ખાતે બાઈક સ્લીપ થઈ જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. પરિણામે પ્રાથમિક સારવાર અર્થે તેઓને ગાંધીધામ લઈ જવામાં આવ્યા. ઈજાઓ અત્યંત ગંભીર જણાતા સઘન સારવાર માટે તેઓને ૧૯મી ફેબ્રુઆરીએ અમદાવાદ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા. સારવાર દરમિયાન તબીબોએ ૨૦ ફેબ્રુઆરીના રોજ તેઓને બ્રેઈન ડેડ જાહેર કર્યા. બ્રેઈન ડેડ જાહેર કરાયા બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અંગદાન સાથે સંકળાયેલ ડોક્ટર્સની ટીમ દ્વારા રમેશભાઈના પરિવારજનો અને ધર્મપત્ની ભારતી બહેનને સમજાવવામાં આવ્યા હતા.મારા પતિ હવે આ દુનિયામાં નથી, પરંતુ તેઓના અંગોના દાન થકી જો કોઈ જરૂરિયાતમંદને નવજીવન મળતું હોય, તેના જીવનમાં ખુશહાલી આવતી હોય તો જરૂરથી આ અંગદાનનો પવિત્ર નિર્ણય હું કરીશ. આ ઉમદા ભાવ સાથે ભારતીબહેને અંગદાનનો હૃદયસ્પર્શી નિર્ણય કર્યો. સતયુગમાં સાવિત્રીએ યમરાજ સાથે બાથ ભીડીને પોતાના પતિને પુનર્જીવિત કર્યા હતા. આજે આઝાદીના અમૃતકાળમાં રમેશભાઈની પત્ની ભારતી બહેને પોતાના પતિના અંગોનું દાન કરીને અન્યને જીવંત કર્યા છે. જેને તેઓ જાણતા પણ નથી એવા કોઈના માતા, પિતા, પતિ, પત્ની, ભાઈ, બહેનનો જીવનદીપ યમરાજના હાથમાંથી પાછો અપાવી ફરી ઝળહળતું કરવાનું સત્કાર્ય ભારતી બહેને કર્યું છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨